RP Web Solutions
RP WEB SOLUTIONS
Website For Everyone...
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

RNI No.GUJGUJ/2016/74805

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૫, ◆ સળંગ અંકઃ ૬૫, ◆ તા.૧૯/૦૩/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# દેશના ટેક્સ પ્રોફેશનલ્સના ત્રણ મોટા એસોશીએશન દ્વારા ટેક્સેશનના વિષયો ઉપર અમદાવાદ ખાતે સંયુકત સેમિનારનું આયોજન

## ઓલ ઈન્ડિયા ફેડરેશનન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ (WZ), મહારાષ્ટ્ર ટેક્સ પ્રેક્ટિશનર્સ એસો (MTPA) અને ટેક્સ એડવોકેટ એસો ઓફ ગુજરાત TAAGના સંયુક્ત ઉપક્રમે યોજાયો સેમિનાર






તા. ૧૬.૦૩.૨૦૨૨: અમદાવાદની પ્રાઈડ પ્લાઝા હોટેલ ખાતે ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી.ના વિષયો ઉપર ત્રણ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જી.એસ.ટી. હેઠળ એજયુડીકેશનના વિષય ઉપર પુનેના જાણીતા એડવોકેટ મિલિન્દ ભોંડે દ્વારા માહિતી આપવામાં આવી હતી. ઈન્કમ ટેક્સ હેઠળ ખેતીની જમીન તથા રહેણાંકી મકાનના વિષય ઉપર અમદાવાદના જાણીતા CA પલક પાવાગઢી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી.ના વિવિધ પ્રશ્નો ઉપર ડેલિગેટ્સને બ્રેઈન ટ્રસ્ટ સેશનમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમિનારના મુખ્ય અતિથિ તરીકે AIFTP WZના ચેરમેન CA મિતિશ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણે સંસ્થાઓ વચ્ચે સુમેળ સાધી આ સેમિનારને સફળ બનાવવા બદલ આયોજકો દ્વારા સમીરભાઈ જાનીનો આભાર માનવમાં આવ્યો હતો. આ સેમિનારમાં ત્રણે સંસ્થાના કમિટી મેમ્બર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અંગે વાત કરતાં ટેક્સ એડવોકેટ એસોના પ્રમુખ એડવોકેટ પ્રતિક પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે મહારાષ્ટ્ર ટેક્સ પ્રેકટિશનર્સ એસો દ્વારા ગુજરાત ખાતે યોજવામાં આવેલ રેસિડનશિયલ રિફરેશર કોર્સમાં (RRC) ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ (AIFTP-WZ) તથા ટેક્સ એડવોકેટ એસોસીએશન સંયુક્ત રીતે સામેલ થઈ ટેક્સ પ્રોફેશનલ્સ ક્ષેત્રે વન નેશન વન પ્રોફેશનનો ઉમદા હેતુ ચરિતાર્થ કરવામાં આવ્યો છે. આ સેમિનારમાં અંદાજે ૨૦૦ જેટલા ડેલીગેટ્સ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

**ભવ્ય પોપટ,
એડિટર ટેક્સ ટુડે**

# વાપીની પ્રખ્યાત રોફેલ કોમર્સ કોલેજ તથા ટેક્સ ટુડેના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટેક્સેશન અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન

## સુરતના એડવોકેટ કૃણાલ આઈસક્રીમવાલા, વડોદરાના CA ચિંતન પોપટ તથા વલસાડના એડવોકેટ અલ્પેશ ઉપાધ્યાય દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું માર્ગદર્શન

તા. ૦૬.૦૩.૨૦૨૨:વાપીની જાણીતી રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને ટેક્સના સમાચારો પ્રકાશિત કરતું માસિક અખબાર ટેક્સ ટુડેના સંયુક્ત ઉપક્રમે ટેક્સેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૦૫ માર્ચ ૨૦૨૨ ના રોજ યોજાયેલા આ આયોજનમાં કોમર્સના વિદ્યાર્થીઓને જી.એસ.ટી. અંગેનું માર્ગદર્શન સુરતના જાણીતા એડવોકેટ કૃણાલ આઈસક્રીમવાલા દ્વારા આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીને કોમર્સ અને તેને વિષયક કેરિયર વિષે ઉપયોગી માહિતી વડોદરાના જાણીતા CA અને સ્ટાર્ટ અપ એક્સપર્ટ ચીતન પોપટ દ્વારા આપવામાં આવી હતી. વલસાડ-વાપીના એડવોકેટ અને રોફેલ કોલેજ સાથે જોડાયેલા અલ્પેશ



ઉપાધ્યાય દ્વારા વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવ્યું હતું કે કોમર્સના મહેનતુ વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં તકની કોઈ કમી નથી. ટેક્સેશન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓને અનુભવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ-એડવોકેટ કે ટેક્સ કન્સલ્ટન્ટ સાથે અભ્યાસ સાથે પ્રેક્ટિકલ અનુભવ માટે જોડાવા પણ આગ્રહ કર્યો હતો. ટેક્સ ટુડેના એડિટર ભવ્ય પોપટ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ટેક્સ અંગેની માહિતીના પ્રસાર-પ્રચાર માટે ટેક્સ ટુડે કાર્યરત છે. વિવિધ કોમર્સ સ્કૂલ, કોલેજોમાં આ પ્રકારે થતાં આયોજનને ટેક્સ ટુડે દ્વારા હમેશા સહયોગ આપવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. કોલેજ પરિવાર વતી પ્રોફેસર રશ્મિબેન જોશી દ્વારા વિદ્યાર્થીઓ તથા વકતાઓનો આભાર માનવમાં આવ્યો હતો. કોમર્સ ફેકલ્ટીના સિનિયર પ્રાધ્યાપક ડો. ડારૂ દ્વારા સમગ્ર કર્યેક્રમની સફળતા માટે જહેમત ઉઠાવવામાં આવી હતી. રોફેલ કોલેજના પ્રિન્સિપાલ હેમાલીબેન દેસાઇ દ્વારા આ કર્યેક્રમના આયોજન માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**બ્યૂરો રિપોર્ટ, ટેક્સ ટુડે**

## ટેક્ષ ટુડે તંત્રી સ્થાનેથી...



માર્ચ મહિનો એટ્લે નાણાકીય વર્ષનો છેલ્લો મહિનો. આ મહિનો ઘણી રીતે મહત્વનો હોય છે. ખાસ કરીને મારા ટેક્સ પ્રોફેશનલ્સ મિત્રો માટે આ મહિનો વિશેષ મહત્વ ધરાવતો હોય છે. એક તરફ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની ડ્યુ ડેટ નજીક હોય તો બીજી તરફ ઇન્કમ ટેક્સ સ્કૃટીની પૂરી કરવાની ભાગદોડ. એમાં પણ ખાસ કરીને આ ફેઈસલેસ સ્ક્રૂટીની માં પડી રહેલી મુશ્કેલીનો સામનો કરી પોતાના અસીલો માટે મોટી રકમના માંગણા (મોટી ડિમાન્ડ) બચાવવા અંગેની મહેનતના આ દિવસો. હાલ, જ્યારે નોટબંધીના કેસોની ફેરઆકારણીનો છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે મોટા ભાગના કેસોમાં કરદાતા વિરુદ્ધની આકારણી થઈ હોવાના સમાચારો મળી રહ્યા છે. કોઈ પણ કેસમાં એડિશન થાય આ એડિશન કલમ ૬૮ તથા ૬૯ હેઠળ જ કરવામાં આવે છે. ઈન્કમ ટેક્સ હેઠળ એડિશન થાય એ માત્ર કલમ ૬૮ અથવા તો ૬૯ માંજ થાય તેવો વણલખેલો નિયમ જ બની ગયો છે!! ઈન્કમ ટેક્સ હેઠળ આકારણીની આ પદ્ધતિથી અનેક કરદાતાઓ ખૂબ મુશ્કેલીમાં મુકાયા હોય તેવા સમાચાર મળી રહ્યા છે. નોટબંધીમાં જમા કરાવેલ ૧૦ લાખની રકમમાં પુરાવા આપવામાં આવ્યા હોવા છતાં રકમના સ્ત્રોત સ્વીકારવામાં આવતા નથી તેવી અનેક ફરિયાદો ઉઠી રહી છે. શો કોઝ નોટિસનો જવાબ આપવા માટે કરદાતાને ૪૮ કલાક જેવો ટૂંકો સમય આપવામાં આવે છે. નોટબંધીના કેસોમાં ૧૦ લાખ જમા કરાવવા ઉપર ૧૦ લાખથી વધુની ડિમાન્ડ ઊભી કરવામાં આવી રહી છે. અધિકારીઓ ડિપાર્ટમેંટ ઓડિટની ચિંતા કરી જમીની સ્તરે પરિસ્થિતી સમજ્યા વગર મોટા આદેશ પસાર કરી રહ્યા છે તેવું લાગી રહ્યું છે. આવા કેસોમાં અપીલમાં જવા કરદાતાએ ૨ લાખ જેવી મોટી રકમ ભરવાની થાય છે. આ રકમ ભર્યા પછી અપીલ ક્યારે ચાલે તે તેઓ તેમના નસીબ!!! આમ, ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ ના હેતુથી દાખલ કરવામાં આવેલ ફેઈસલેસ એસેસમેંટ હાલ તો કરદાતાઓને અનઇઝી બનાવી રહ્યું છે.

**છેલ્લે ટેક્સ ટુડે ટિમ વતી તમામ વાંચકોને નવા નાણાકીય વર્ષની હાર્દિક શુભેચ્છા.**

# મહારાષ્ટ્ર વેટમાં જાહેર થઈ વેરા માફી યોજના! ગુજરાતના વેપારી જોઈ રહ્યા છે વેરા માફી યોજનાની રાહ!!!

## મહારાષ્ટ્ર રાજ્ય બજેટમાં જૂના 'વેટ' વસૂલાત બાબતે જાહેર થઈ ઉદાર માફી યોજના




તા. ૧૪.૦૩.૨૦૨૨: મહારાષ્ટ્રના નાણાંમંત્રી અજિત પવારે ૧૧ માર્ચના રોજ વાર્ષિક બજેટમાં રાજ્યના વેપારીઓ માટે 'વેરા માફી યોજના' જાહેર કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ આ યોજના હેઠળ ૧૦૦૦૦ સુધીની બાકી વેટની વસૂલાતને સંપૂર્ણ માફી આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૦ લાખ સુધીના બાકી વેટ માંગણા માટે વેપારી દ્વારા ૨૦% રકમ ભરવામાં આવે તો બાકીની ૮૦% રકમ માફ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા મહારાષ્ટ્રના વેપારીઓને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીનો સમય આપવામાં આવશે. જી.એસ.ટી. લાગુ થયા પહેલાની તમામ વસૂલાતને આ યોજનામાં હેઠળ લાભ મળશે તેવી વિગતો બહાર આવી રહી છે.

આ પ્રકારની ઉદાર યોજનાના કારણે મહારાષ્ટ્રના વેપારીઓ કે જેઓની જૂની પડતર વસૂલાત બાકી છે તેઓમાં હર્ષની લાગણી પ્રવર્તી ગઈ હોવાની માહિતી મળી રહી છે. ગુજરાતના વેપારીઓ પણ આશા સેવી રહ્યા હતા કે વેટ તથા સેલ્સ ટેક્સની જૂની પડતર વસૂલાત સબંધી 'વેરા માફી યોજના'ની જાહેરાત આ બજેટમાં કરવામાં આવશે. પરંતુ ગુજરાતના વેપારીઓ માટે આ પ્રકારની યોજના જાહેર કરવામાં આવી નથી. વિવિધ ફોરમ પર ચાલી રહેલા વિવાદો ઘટાડવા ગુજરાતમાં પણ આ પ્રકારે ઉદાર જોગવાઈઓ ધરાવતી 'વન ટાઈમ સેટલમેંટ' યોજના લાવવામાં આવે તેવી માંગ વેપારીઓમાં ઉઠી રહી છે. સરકાર માટે વસૂલાત ઝડપથી થઈ શકે અને વેપારીઓ માટે જૂની વસૂલાતમાં મુક્તિ મળે, તેમ એક કાંકરે બે શિકાર કરવાની તક ગુજરાત સરકાર બજેટમાં ચૂકી ગઈ હોવાની લાગણી નિષ્ણાંતોમાં પ્રવર્તી રહી છે.

**ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે**

# ૧૨ વર્ષની નાની ઉમરે યોગગુરુનું બિરુદ મેળવતા ઓમ હર્ષદકુમાર ઓઝા

## ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત સ્કૂલ તક્ષશિલાના આચાર્ય અને શિક્ષકગણના સીધા અને અંગત માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ મેળવેલ છે



ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત અને સંચાલિત ગુજરાત યોગ બોર્ડ દ્વારા લેવાયેલ સઘન તાલીમ લઈ, પરીક્ષામાં મહેસાણાના ઓમ હર્ષદકુમાર ઓઝાએ માત્ર ૧૨ વર્ષની નાની ઉમરે ઉત્તીર્ણ કરી યોગગુરુનું બિરુદ પ્રાપ્ત કરેલ છે. ઓમ અભ્યાસમાં અગ્રેસર હોવાની સાથે સાથે નેતૃત્વ, રમત ગમત (ખેલ મહાકુંભ ૨૦૨૨), વકૃત્વ તેમજ ઈતર પ્રવૃતિઓમાં પણ કાર્યરત રહે છે. તેઓ ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત સ્કૂલ તક્ષશિલા ના આચાર્ય અને શિક્ષકગણના સીધા અને અંગત માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ મેળવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ચાણસ્મા કુમારશાળાના આચાર્ય શ્રીમાન રામલાલ અમથારામ ઓઝા કે જેઓ 'માસ્તર સાહેબ'ના હુલામણા નામથી ઓળખાતા હતાં, તેમજ કન્યાશાળાના આચાર્ય શ્રીમતિ વાલીબેન રામલાલ પ્રજાપતિના પ્રપૌત્ર છે. ઉત્તર ગુજરાતના જાણીતા ટેક્સ એડવોકેટ અને ટેક્ષ ટુડે ન્યૂઝ પેપરના લેખક હર્ષદકુમાર ઓઝાના તેઓ પુત્ર છે. તેઓના માતા રિપલબેન કેશવલાલ પ્રજાપતિ પણ સરકારી શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપે છે. માતા પિતાનું પણ તેઓને સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. ઓમની આ સિદ્ધિથી તેઓએ પરિવારનું નામ રોશન કર્યું છે.

**બ્યુરો રિપોર્ટ ટેક્સ ટુડે**

# ટેક્સ બચાવવા કરો રોકાણ, પણ આ બાબતોનું રાખો ધ્યાન!!

**By Bhavya Popat**

**તા. ૧૫.૦૩.૨૦૨૨:**

ઈન્કમ ટેક્સ હેઠળ ટેક્સ બચાવવા માટે વ્યક્તિગત કરદાતા તથા હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) કરદાતાઓને વિવિધ રોકાણ કરવાના વિકલ્પો આપવામાં આવ્યા છે. આ વિકલ્પોમાં રોકાણ કરી કરદાતા પોતાને ભરવા પાત્ર ઈન્કમ ટેક્સ બચાવી શકે છે. આ પ્રકારના રોકાણમાં ટેક્સ બાદ આપવાનો હેતુ કરદાતાઓને લાંબાગાળાની બચત માટે પ્રેરિત કરવાનો રહેલો હોય છે. આ ઉપરાંત અર્થતંત્રમાં લાંબાગાળા માટે આ રોકાણ વડે મૂડી ઊભી થાય તેના માટે પણ આ બચત ઉપયોગી સાબિત થતી હોય છે.

આ રોકાણોમાં ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 80C હેઠળ જીવન વીમા પ્રીમિયમ (LIP), નોકરીદતા દ્વારા કરવામાં આવેલ PF, GPF, EPF જેવી કપતો, PPFમાં રોકાણ, ફિક્સ ડિપોઝીટમાં રોકાણ, નેશનલ સેવિંગ સર્ટિફીકેટમાં કરવાના રોકાણ, મ્યુચલ ફંડમાં રોકાણ, હાઉસિંગ લોનના હપ્તા, સ્કૂલ ફી જેવા રોકાણોનો સમાવેશ થાય છે. આ રોકાણોનો લાભ જે તે નાણાકીય વર્ષમાં લેવા આ રોકાણો ૩૧ માર્ચ સુધીમાં કરવા જરૂરી હોય છે. ૩૧ માર્ચ નજીક છે, આ પ્રકારના રોકાણમાં કરદાતાએ શું કાળજી રાખવી જોઈએ તે અંતે આ લેખમાં જાણકારી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧. જીવન વીમા પ્રીમિયમ (LIP)**

ટેક્સ બચતના સૌથી લોકપ્રિય રોકાણ વિકલ્પ તરીકે જીવન વીમા પ્રીમિયમને ગણી શકાય. દેશની સૌથી મોટી ઈન્સ્યુરન્સ કંપની LIC હોય કે અન્ય કોઈ પ્રાઈવેટ કંપની, આ તમામ પાસે લેવામાં આવેલી જીવન વીમા પોલિસીનું રોકાણ કરદાતાને ટેક્સ બચતમાં બાદ મળતું હોય છે.

આ રોકાણ સંદર્ભે એ જાણવું જરૂરી છે કે કોઈ પણ કરદાતાને માત્ર પોતાનું, પોતાના જીવન સાથીનું તથા પોતાના બાળકો માટે ભરવામાં આવેલ વીમા પ્રીમિયમ બાદ મળે છે. આ સિવાયના વ્યક્તિઓ માટે જીવન વીમા પ્રીમિયમ ભરવામાં આવેલ હોય તો કરદાતા આ સંદર્ભે કોઈ ટેક્સ બચાવી શકે નહીં. ઉદાહરણ તરીકે કોઈ વ્યકિતએ પોતાના માતા પિતા માટે જીવન વીમા પ્રીમિયમ ભર્યું હોય તો આ પ્રીમિયમ તે કરદાતાને ટેક્સ બચતમાં ઉપયોગી બને નહીં.

આ તકે એ બાબત જાણવી પણ જરૂરી છે કે જો કોઈ કરદાતા જીવન વીમા પોલિસી માટે કોઈ વર્ષમાં પ્રીમિયમની રકમ બાદ લે, પરંતુ ત્યાર બાદના વર્ષનું પ્રીમિયમ તે ભરતો નથી, તો પ્રથમ પ્રીમિયમ ઉપર બાદ લેવામાં આવેલ ટેક્સ કરદાતા માટે ફરી કરપાત્ર આવક બની જશે. આમ, કોઈ વીમા પોલિસીના ટેક્સ બચત માટે લાભ લેવા ઓછામાં ઓછા પોલિસી સંદર્ભે બે વર્ષ માટેના પ્રીમિયમ ભરવા ફરજિયાત છે.

**૨. હાઉસિંગ લોન હપ્તા:**

કરદાતા દ્વારા રહેણાંક માટે ઘર બનાવવા લેવામાં આવેલ લોનના હપ્તા ઉપર ટેક્સ બચતનો



લાભ મળતો હોય છે. આ લોનના હપ્તા સંદર્ભે ઈન્કમ ટેક્સ બચત બાબતે એ બાબત ધ્યાને રાખવી જરૂરી છે કે કરદાતા દ્વારા આ પ્રકારની લોન લીધેલ મિલ્કતનો કબ્જો મળ્યાના પાંચ વર્ષ સુધી આ મિલ્કતનું વેચાણ કરી શકે નહીં. જો કરદાતા દ્વારા કોઈ મિલ્કત સંદર્ભે હાઉસિંગ લોન હપ્તાનો લાભ લેવામાં આવેલ હોય અને આ મિલ્કત તેઓ ૫ વર્ષ પહેલા વેચાણ કરે તો આ તમામ હપ્તા જેના પર કરદાતાએ ટેક્સ બચત કરી હોય તે તમામ રકમ તેઓની આવકમાં ઉમેરવામાં આવશે. આમ, હાઉસિંગ લોન હપ્તાનો લાભ લેતા કરદાતાએ આ બાબત ધ્યાને રાખવી ખૂબ જરૂરી છે.

**૩. ફિક્સ ડિપોઝિટ:**

કરદાતા દ્વારા ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે મૂકવામાં આવેલ ફિક્સ ડિપોઝિટ ઉપર પણ ટેક્સ બચતનો લાભ મળે છે. આ રોકાણ બાબતે એ જાણવું જરૂરી છે કે આ ટેક્સ સેવર FD ઉપર અમુક ખાસ પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આ ફિક્સ ડિપોઝિટ પર કોઈ OD કે અન્ય લોન લેવાનો વિકલ્પ રહેલ હોતો નથી. આ પ્રકારની FD પાંચ વર્ષ પહેલા ઉપાડી શકાય નહીં. આ પ્રકારની ફિક્સ ડિપોઝિટ એ માત્ર શિડ્યુલ બેન્કોમાં જ કરી શકાય છે. શિડ્યુલ બેન્ક એટ્લે એવી બેન્કો જે રીઝર્વ બેન્ક દ્વારા પરિશિષ્ટ બે માં સમાવેશ કરવામાં આવ્યો હોય. આ શિડ્યુલ બેન્કોમાં તમામ સરકારી બેન્કો, મોટાભાગની પ્રાઈવેટ બેન્કો તથા મોટી સહકારી બેન્કોનો સમાવેશ થાય છે. કરદાતાએ આ પ્રકારની FDમાં રોકાણ કરતાં પહેલા બેન્ક શિડ્યુલ બેન્ક છે કે નહીં તે અંગે તપાસ કરવી જરૂરી છે.

**૪. સ્કૂલ ફી:**

કરદાતાના બાળકોના અભ્યાસને પણ રોકાણ ગણવાની મહત્વની જોગવાઈ ઈન્કમ ટેક્સ કાયદામાં થોડા વર્ષો પહેલા દાખલ કરવામાં આવી છે. કરદાતા દ્વારા ભરવામાં આવેલ સ્કૂલ ફી સદર્ભે તેઓને ટેક્સ બચતનો લાભ મળે છે. સ્કૂલ ફીનો લાભ એ કરદાતાને પોતાના બે બાળકોની ફી બાબતે આપવામાં આવે છે. બે થી વધારે બાળકોની ફી કરદાતા દ્વારા ભરવામાં આવેલ હોય તો મહત્તમ કોઈ પણ બે બાળકોની ફી નો જ કરદાતા ટેક્સ બચત માટે ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત એ બાબત પણ જાણવી જરૂરી છે કે કલામ 80C હેઠળ ટેક્સમાં બાદ આપવામાં આવતી સ્કૂલ ફી એ માત્ર કરદાતાના બાળકો સંદર્ભે મળે છે. કરદાતા પોતાના અભ્યાસ માટે કોઈ ફી ભારે તો તેનો લાભ આ કલમ હેઠળ તેઓને મળતો નથી. આ ઉપરાંત એ બાબત જાણવી જરૂરી છે કે કરદાતા ને સ્કૂલ ફી સંદર્ભે આપવામાં આવેલ છૂટ માત્ર ભારતમાં આવેલી સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટી બાબતે જ મળે છે. વિદેશમાં અભ્યાસ માટે આપવામાં આવેલ ફી ટેક્સ બચત માટે કામ આવતી નથી. સ્કૂલ ફી બાબતે એ પણ જાણવું જરૂરી છે કે કરદાતા દ્વારા સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીમાં ભરવામાં આવેલ ટ્યુશન ફી અને તેના જેવી ફી સદર્ભે જ લાભ મળશે. ટ્યુશન ફી જેવી ફી માં પરીક્ષા ફી, લાઈબ્રેરી ફી, એક્ટિવિટી ફી નો સમાવેશ થઈ શકે. જ્યારે હોસ્ટેલ ફી, ડોનેશન, ડેવલોપમેન્ટ ફી જેવી રકમનો લાભ કરદાતાને મળી શકે નહીં.

લાંબાગાળાના રોકાણ થકી ટેક્સ બચત કરવાની પદ્ધતિ ભારતીય ઈન્કમ ટેક્સ પદ્ધતિનું એક મહત્વનુ અંગ છે. જો કે જે પ્રમાણે છેલ્લા અમુક વર્ષોથી આ રોકાણની મર્યાદામા વધારો કરવામાં આવ્યો ના હોય, સાથે સાથે રોકાણ વગરની ટેક્સ પદ્ધતિમાં નવા ઈન્કમ ટેક્સના દરો બહાર પાડવામાં આવ્યા છે તે જોતાં લાગી રહ્યું છે કે રોકાણ દ્વારા કરદાતાને ટેક્સ બચત આપવાના વિકાલ્પો કદાચ ભવિષ્યમાં હટાવી નાંખવામાં આવે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિની તા ૧૪.૦૩.૨૦૨૨ ની આવ્રુતિમાં પ્રકાશિત થયેલ છે.)**

# જી.એસ.ટી. હેઠળ વેપારીઓને ઈ વે બિલ અંગે ઉપયોગી એવા બે મહત્વના ચૂકદાઓ



**તા. ૨૪.૦૨.૨૦૨૨:**

જી.એસ.ટી. હેઠળ જે વ્યક્તિ માલની હેરફેર કરવા જવાબદાર હોય તેવા વ્યક્તિએ જ્યારે માલનું મૂલ્ય ૫૦૦૦૦/- રૂા. ઉપર હોય અને માલનું વહન જ્યારે જેતે ગામની મ્યુનિસિપલ લિમિટ બહાર થતું હોય ત્યારે માલ વહન સાથે ઇ વ બિલ રાખવું ફરજિયાત રહેતું હોય છે. આ ઇ વે બિલ ના હોય તો વેપારીને મોટા દંડ સહન કરવા પડતાં હોય છે. ઇ વે બિલ બનાવેલું હોય છે ત્યારે પણ અમુક સંજોગોમાં વેપારી દ્વારા થતું માલ વહન અંગે ચેકપોસ્ટ અધિકારીઓ દ્વારા કાર્યવાહી થતી હોવાના કિસ્સાઓ રોજબરોજ સામે આવે છે. વેપારીઓને બે મુદ્દાઓ બાબતે અવારનવાર ચેકપોસ્ટ અધિકારીઓએ દ્વારા પ્રશ્ન ઊભો કરવામાં આવતો હોય છે. એ પૈકી પ્રથમ મુદ્દો છે માલ વહન દરમ્યાન માલનું મૂલ્ય વાસ્તવિક કરતાં ઓછું દર્શાવેલ હોવા અંગેનો મુદ્દો અને બીજો છે માલ ખોટા રુટ ઉપરથી પસાર થઈ રહ્યો હોવા અંગેનો મુદ્દો. આ બન્ને મુદ્દાઓ ઉપર અધિકારી દ્વારા વેપારીને દંડવામાં આવતા હોય છે. આ બન્ને મુદ્દા ઉપર વેપારીને બચાવમાં ઉપયોગી ચુકાદા આજે આ લેખમાં ચર્ચવામાં આવેલ છે.

## K P Sugandh Vs State of Chhatisgrah, છત્તીસગઢ હાઈકોર્ટ, રિટ પિટિશન નંબર ૩૬/૨૦૨૦, આદેશ તારીખ: ૧૬.૦૩.૨૦૨૦

**કેસના તથ્યો:**

કરદાતાએ કંપની કાયદા નીચે નોંધાયેલ કરદાતા હતા. કરદાતાએ ટોબેકો અને પાન મસાલાનું ઉત્પાદન કરતાં હતા. કરદાતા દ્વારા ટ્રાન્સપોર્ટ કંપની મારફત માલ મોકલવેલ હતો. આ માલ, રવિ એજન્સી, રાયપુરને મોકલવામાં આવ્યો હતો. માલ વહન શરૂ થયું ત્યારે વાહનના ડ્રાઈવરને ઇ વે બિલ તથા ટેક્સ ઈંવોઇસ આપવામાં આવ્યું હતું. આ માલ જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રોકવામાં આવ્યો હતો. ગાડીના ડ્રાઈવર દ્વારા ઇ વે બિલ તથા ઈંવોઇસ અધિકારીને રજૂ કરવામાં આવ્યા હતા. અધિકારી દ્વારા માલના વેલ્યૂએશન (મૂલ્ય) બાબતે પ્રશ્ન ઊભો કરવામાં આવ્યો હતો અને MOV-07ની નોટિસ ડ્રાઈવરને આપવામાં આવી હતી. કરદાતા દ્વારા MOV-07 સામે માલ રીલીઝ માટેની અરજી કરવામાં આવી હતી. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા આ અરજીની વિગતો ધ્યાને લીધા સિવાય માલ માલ જપ્તીનો આદેશ કરવામાં આવ્યો હતો.

**કરદાતા તરફે દલીલ:**

કરદાતા દ્વારા જી.એસ.ટી. કાયદાની કલમ ૬૮, અને નિયમ ૧૩૮ તથા ૧૩૯ હેઠળ જરૂરી તમામ દસ્તાવેજો વહન સાથે રાખવામા આવ્યા હતા. આ દસ્તાવેજો જ્યારે માલ રોકવામાં આવ્યો ત્યારે અધિકારીને રજૂ કરવામાં આવ્યા હતા. માલની વેલ્યૂ બાબતેની તકરાર એ માલ વહન દરમ્યાન માલ જપ્તી કરવા માટે લઈ શકાય નહીં. માલ વહન દરમ્યાન માત્ર એ બાબતે જ ખરાઈ કરવાની રહે કે માલ સાથે જરૂરી બિલ છે અને ઇ વે બિલ છે કે નહીં. વેલ્યુએશન બાબતે ના પ્રશ્ન માટે જી.એસ.ટી. કાયદા હેઠળ પ્રસ્થાપિત અન્ય પદ્ધતિઓ દ્વારા આગળ વધવું જોઈએ પરંતુ માલના વહનને અટકાવવું જોઈએ નહીં. કરદાતાનો માલ એ બગડી જઇ શકે તેવો માલ હોય, તે બાબત પણ ધ્યાને રાખવી જોઈએ.

**સરકાર તરફે દલીલ:**

કરદાતા દ્વારા કરવામાં આવતા માલ વહનમાં વેલ્યૂએશન બાબતે પ્રશ્ન ઉપસ્થિત થયો હોય માલની જપ્તી કરવામાં આવી હતી. કરદાતાને આપવામાં આવેલ નોટિસનો જવાબ સંતોષકારક ન જાણતા જપ્તીનો આદેશ કરવામાં આવ્યો હતો. ડિપાર્ટમેંટ દ્વારા બજાવવામાં આવેલ આદેશ એ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦૭ હેઠળ અપિલેબલ ઓર્ડર હોય કરદાતાની રિટ સાંભળવામાં ન આવે. કરદાતા દ્વારા જે MRP લખવામાં આવી છે તે અને જે મૂલ્યએ ગ્રાહકોને માલ વેચવામાં આવે છે તેમાં મોટો તફાવત છે. કરદાતા અધિકારી દ્વારા કરવામાં આવેલ આદેશનું પાલન કરે એટ્લે તુરંત માલ છોડી મૂકવામાં આવશે.

**હાઈકોર્ટનો આદેશ:**

માલ વહનમાં જરૂરી તમામ પુરાવા કરદાતા ના માલ સાથે હતા તે બાબતે કોઈ તકરાર નથી. માલની વેલ્યૂ બાબતે કરવામાં આવેલ આદેશ એ યોગ્ય ન ગણી શકાય. કરદાતા MRPથી નીચે માલનું વેચાણ ગ્રાહકને કરે છે તેવા કારણસર માલની જપ્તી કરી શકાય નહીં. આ બાબત કાયદા વિરુદ્ધ છે તેવું અધિકારીઓ માનતા હોય તો પણ કાયદાની અન્ય જોગવાઈ પ્રમાણે કાર્યવાહી કરવાની રહે, માલ જપ્તીનો કરવાનો આદેશ યોગ્ય નથી. આ પ્રકારની ત્રુટિ બાબતે જે તે ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારીને જાણ કરવી જરૂરી છે અને તેમના દ્વારા કાયદા હેઠળ કાર્યવાહી કરવી જરૂરી છે. માલ વહન દરમ્યાન માલનો જથ્થો એ ઇ વે બિલ તથા ટેક્સ ઈંવોઇસ સાથે સરખાવતા યોગ્ય જણાયો હતો. આ કેસન તથ્યોને આલ્ફા ગ્રૂપ વી. આશી. સ્ટેટ ટેક્સ ઓફિસર, (૨૦૨૦) ૧૧૩ com ૨૨૨(કેરેલા) તથા શકુલ નાઝા મહમદ વી. સ્ટેટ ઓફ ગુજરાત ના કેસો પણ સમાન જણાય છે. કરદાતા ઉપર બજાવવામાં આવેલ આદેશ ની ગેરકાયદેસરતા ધ્યાને લેતા તેઓ પાસે અપીલ કરવાના વિકલ્પ છે તેવી સરકારની દલીલ માની શકાય નહીં. આમ, જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા કરવામાં આવેલ માલ જપ્તીનો આદેશ રદ કરવા ઠરાવવામાં આવે છે. કરદાતાનો માલ તુરંત છોડવા ડિપાર્ટમેંટને આદેશ કરવામાં આવે છે. વેલ્યૂએશન ઓફ ગુડ્સ એ માલ વહન દરમ્યાન માલ જપ્તી માટે કારણ બની શકે નહીં.

## Karnataka Traders & Others Vs State of Gujarat, ગુજરાત હાઈકોર્ટ, SCA 19549/2021 Order dt. 06.01.2022

**કેસના તથ્યો:**

અરજદાર સોપારીનો ધંધો કરતાં હતા અને જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ કરદાતા હતા. તેઓ દ્વારા ખરીદનાર કે જેઓની ઓફિસ અમદાવાદ ખાતે હતી તેઓને માલનું વેચાણ કરવામાં આવ્યું હતું. અરજદાર નંબર ૨ એ ટ્રકના માલિક હતા, જેઓના ટ્રકમાં માલ વહન થવાનો હતો. માલને અધિકારીઓ દ્વારા ૨૦ નવેમ્બર ૨૦૨૧ ના રોજ સવારે અંદાજે ૧૧:૪૦ કલાકે રોકવામાં આવ્યો હતો. માલ સાથે કાયદા મુજબનું બિલ તથા ઇ વે બિલ હતું. અધિકારી દ્વારા માલની તપાસ અંગે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ તપાસમાં અધિકારીને માલના જથ્થા જેવી બાબતમાં કોઈ તફાવત મળ્યો ના હતો. અધિકારી દ્વારા બે બાબતે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ૧) માલ જે જગ્યા એ પકડવામાં આવ્યો છે તે જગ્યા, જે જગ્યા ઉપર માલ મોકલવામાં આવી રહ્યો છે તેના રુટ પ્રમાણે બારોબાર ન હતી. ૨) માલનું મૂલ્ય ખરેખર મૂલ્ય કરતાં ઓછું દર્શાવવામાં આવ્યું છે. અધિકારી દ્વારા માલ તથા ટ્રક જપ્ત કરવામાં આવ્યો હતો, જેના આદેશ સામે અરજદારો દ્વારા આ રિટ પિટિશન કરવામાં આવેલ છે.

**કરદાતા તરફે રજૂઆત:**

માલનું મૂલ્ય એ ટ્રક વાહન રોકવાનું કારણ બની શકે નહીં. આ બાબતે K P Sugandh Ltd Vs State of Chattisgrah 2020(38)GSTL 317 (Chhattisgarh)નો ચુકાદો ટાંકવામાં આવ્યો હતો. અલગ રુટ હોવાની બાબત પણ માલ જપ્તીનું કારણ બની શકે નહીં. અરજદારના વકીલ દ્વારા પોતાની દલીલના સમર્થનમાં Podran Foods India Pvt Ltd Vs State of Kerela s\p Kannangayathu Metals Vs Asst State Tax Officer, SGST Department, Thiruvananthpuramના ચુકાદા રજૂ કરવામાં આવ્યા હતા.

**સરકાર તરફે રજૂઆત:**

અરજદાર દ્વારા કરવામાં આવેલ માલ વાહન એ સંપૂર્ણ રીતે ખોટી દિશામાં થઈ રહ્યું હતું જે અરજદારનો ચોરીનો ઈરાદો દર્શાવે છે. આ બાબત ધ્યાને લઈ આ રિટ પિટિશન ના સ્વીકારવા કોર્ટને રજૂઆત કરવામાં આવી હતી.

**કોર્ટનો ચુકાદો:**

માત્ર ખોટી દિશા તથા ખોટા રુટ હોવાના કારણે માલ જપ્ત કરવામાં આવે તે યોગ્ય નથી. માલની ઓછી કિમત બાબતે અધિકારી દ્વારા કોઈ પણ પુરાવા આપવામાં આવ્યા નથી. માલના મૂલ્ય બાબતે માલ જપ્તી થઈ શકે નહીં તે બાબતના વિવિધ હાઇકોર્ટના ચુકાદા સાથે કોર્ટ સહમત છે. કોર્ટ દ્વારા આ જપ્ત કરેલ માલ ત્વરિત છોડવા આદેશ કરવામાં આવે છે. કોર્ટ દ્વારા આ બાબતે સ્પષ્ટ આદેશ કરવામાં આવે છે કે માત્ર રુટ બદલવાના કારણે કર ચોરીનો ઈરાદો છે તે સાબિત ના કરી શકાય. આ ઉપરાંત સયોગિક પુરાવાઓ હોય તો આ બાબત પુરવાર કરવી શક્ય બની શકે. ઓછું મૂલ્ય દર્શાવેલ હોવાની તકરાર લઈ માલ જપ્ત કરવો પણ યોગ્ય નથી.

માલ વહન દરમ્યાન ઓછા મૂલ્ય (અંડર વેલ્યૂએશન) તથા ખોટા રુટ હોવાના કારણે અવારનવાર માલની જપ્તીની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. હવે, છતીસગઢ હાઇકોર્ટ તથા ગુજરાત હાઇકોર્ટના ચુકાદા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સને ખૂબ ઉપયોગી બનશે તે બાબત ચોક્કસ છે.

**(આ લેખ જાણીતા દૈનિક ફૂલછાબની પૂર્તિમાં તા. ૨૧.૦૨.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છે આ છેલ્લી તક!!

## નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૨ છે...

**તા. ૦૯.૦૩.૨૦૨૨**

**આ કરદાતાઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું છે ફરજિયાત!!**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ અમુક વ્યક્તિઓ તથા અમુક સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. વ્યક્તિગત કરદાતા તથા HUF કરદાતાની આવક જો કરપાત્ર મર્યાદાથી વધુ હોય તો તેવા સંજોગોમાં તેમના માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જતું હોય છે. આવી રીતે અમુક ખાસ નિયત કરેલ ટ્રસ્ટને છોડતા, અન્ય ટ્રસ્ટ માટે કરપાત્રથી મર્યાદાથી વધુ આવક હોય તો રિટર્ન ભરવું ફરજિયાત બની જતું હોય છે. જ્યારે વ્યક્તિ, HUF કે ટ્રસ્ટ સિવાયના




કરદાતા જેવા કે ભાગીદારી પેઢી, લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ (LLP) તથા કંપની માટે આવક હોય કે ના હોય ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત હોય છે. વ્યક્તિગત તથા HUF કરદાતા જેઓ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત નથી તેઓએ પણ મરજિયાત રીતે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું જોઈએ તેવું નિષ્ણાંતોનો એક ચોક્કસ વર્ગ માની રહ્યો છે.

### ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાના ફાયદા:

### લોન લેવામાં ઈન્કમ ટેક્સ રિટર્નની ઉપયોગિતા

જ્યારે કોઈ વ્યક્તિ ઘર, ગાડી કે અન્ય કોઈ પણ લોન લેવા કોઈ બેન્ક પાસે જાઈ ત્યારે આ ઈન્કમ ટેક્સ રિટર્ન અતિ ઉપયોગી સાબિત થતું હોય છે. સામાન્ય રીતે બેન્કમાં ત્રણ વર્ષના રિટર્ન માંગવામાં આવતા હોય છે. આ માટેનું મુખ્ય કારણ એ છે કે કરદાતાના ત્રણ વર્ષના આવક ઉપરથી સરેરાશ આવક નક્કી કરી શકાય. આમ, જો નિયમિત રિટર્ન ભરવામાં આવે તો આ પ્રકારે બેન્ક લોન લેવામાં ઈન્કમ ટેક્સ રિટર્ન ખૂબ ઉપયોગી બને છે. હાલ, માત્ર એક નાણાકીય વર્ષનું રિટર્ન જ ઈન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ભરી શકાય છે. હાલ કરદાતા માત્ર નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ નું નાણાકીય રિટર્ન ભરી શકે છે. એક થી વધુ રિટર્ન એક સાથે ભરી શકાય તેમ ના હોય આ બાબતે યોગ્ય આયોજન કરી સમયસર રિટર્ન ભરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

### મૂડી ઊભી કરવાંમાં ઈન્કમ ટેક્સ રિટર્નની ઉપયોગિતા:

ઈન્કમ ટેક્સ રિટર્ન નિયમિત ભરવામાં આવે તો વ્યક્તિ સારી એવી મૂડી ઊભી કરી શકે છે. આ મૂડી માંથી તેઓ પોતાની જરૂરિયાત પ્રમાણે મિલ્કત ખરીદીમાં, વિવિધ રોકાણ કરવામાં, વિદેશ પ્રવાસો માટે કે અન્ય કોઈ પણ હેતુ માટે ઉપયોગ કરી શકે છે.

### વિદેશાગમન માટે આવકના પુરાવા તરીકે મહત્વનો પુરાવો:

વ્યક્તિ પોતે પોતાના પરિવાર માટે જ્યારે વિદેશ ફરવા કે અભ્યાસ કરવા જવા માટે વિઝા માટે અરજી કરે ત્યારે ઈન્કમ ટેક્સ રિટર્ન મહત્વનો પુરાવો સાબિત થતું હોય છે. વ્યક્તિની આવક બાબતે સૌથી વધુ સ્વીકાર્ય પુરાવા તરીકે ઈન્કમ ટેક્સ રિટર્નને માનવમાં આવે છે. વ્યવસ્થિત આયોજન કરીને ભરવામાં આવેલ ઈન્કમ ટેક્સ રિટર્નના કારણે વિઝાની વિધિ સરળતાથી તથા વધુ સકારાત્મક રીતે પૂરી થઈ શકે છે.

### અન્ય ફાયદાઓ:

ઈન્કમ ટેક્સ રિટર્ન ઘણી જગ્યાએ એડ્રેસ પ્રૂફ તરીકે પણ ઉપયોગી બનતા હોય છે. આ ઉપરાંત ઈન્સ્યોરન્સ ક્લેમમાં પણ ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપયોગી થતાં હોય છે. જે વ્યક્તિનો ટેક્સ કોઈ અન્ય વ્યક્તિ દ્વારા કાપવામાં આવ્યો હોય તેઓ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આ કપાયેલ ટેક્સનું રિફંડ મેળવી શકે છે.

### શું PAN હોય એટલે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે?

આ પ્રશ્ન ટેક્સ પ્રોફેશનલ્સને વારંવાર તેઓના અસીલ પૂછતાં હોય છે કે શું ડ્અગ ધરાવતા હોય તેવા વ્યક્તિગ્ત કરદાતાને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે??. આ પ્રશ્નનો જવાબ છે ના. વ્યક્તિગત કરદાતા માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું એવા સંજોગોમાં જ ફરજિયાત છે જ્યારે તેઓની આવક કરપાત્ર મુક્તિ મર્યાદાથી વધુ હોય. હાલ કરપાત્ર મુક્તિ મર્યાદા ૨,૫૦,૦૦૦ છે. આમ, અઢી લાખથી વધુ આવક હોય તેવા વ્યક્તિગત કરદાતાએ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે. માત્ર, PAN કાર્ડ હોય એટ્લે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત નથી.

ઈન્કમ ટેક્સની મુક્તિ મર્યાદા છે ૨,૫૦,૦૦૦/- નહીં કે ૫,૦૦,૦૦૦/-

ઈન્કમ ટેક્સ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે આવકની મુક્તિ મર્યાદા ૨,૫૦,૦૦૦ છે. ઘણા લોકોની એવી માન્યતા છે કે ઈન્કમ ટેક્સ હેઠળ મુક્તિ મર્યાદા ૫,૦૦,૦૦૦/- છે અને ૫ લાખની આવક હોય ત્યાં સુધી ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત નથી. પરંતુ આ માન્યતા તદ્દન ખોટી છે. ૨,૫૦,૦૦૦/- ઉપરની આવક ધરાવતા વ્યક્તિ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ફરજિયાત બની જાય છે. હાલ, વ્યક્તિગત કરદાતાઓને ૫ લાખ સુધી એક ખાસ પ્રકારનું રિબેટ આપવામાં આવે છે જેથી તેઓએ ૫ લાખ સુધી કોઈ ટેક્સ ભરવાનો થતો નથી પરંતુ ૨.૫ લાખ ઉપરની આવક હોય તો રિટર્ન ભરવું ફરજિયાત બની જતું હોય છે.

### ખાસ સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન બને ફરજિયાત

ઈન્કમ ટેક્સ હેઠળ અમુક ખાસ સંજોગોમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બનાવવામાં આવ્યું હોય છે. નીચેના સંજોગોમાં અમક મુક્તિ મર્યાદાથી ઓછી હોવા છતાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જાય છે.

- વિદેશમાં કોઈ મિલ્કત ધરાવતા હોય ત્યારે,
- ભારત બહાર કોઈ બેન્ક એકાઉન્ટમાં સહી કરવાની સત્તા હોય ત્યારે,
- એક કે તેથી વધુ કરંટ ખાતામાં ૧ કરોડથી વધુ રકમ બેન્ક ખાતામાં જમા કરવવામાં આવી હોય ત્યારે,
- બે લાખથી વધુ ખર્ચ વિદેશ પ્રવાસ પાછળ કરવામાં આવ્યો હોય તેવા સંજોગોમાં
- એક લાખથી વધુ ઈલેક્ટ્રીક બિલની વર્ષ દરમ્યાન ચુકવણી કરવામાં આવી હોય ત્યારે,

૩૧ માર્ચ ૨૦૨૨ પછી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી શકશે નહીં. આવા સંજોગોમાં જ્યાં ફરજિયાત ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવા પત્ર હોય ત્યાં તો આ રિટર્ન ભરી આપવું જોઈએ જ પરંતુ કે કરદાતાઓ માટે ઉપર જણાવેલ ફાયદાઓ મેળવવા પણ ૩૧ માર્ચ પહેલા ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જાય છે.

### ૧૫ માર્ચ પહેલા ભરો નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ નો એડવાન્સ ટેક્સ

કોઈ પણ નાણાકીય વર્ષમાં કરદાતાનો ભરવાપાત્ર વેરો ૧૦૦૦૦/- થી વધુ થતો હોય, તેવા સંજોગોમાં કરદાતા એડવાન્સ ટેક્સ ભરવા જવાબદાર થતાં હોય છે. કરદાતાએ પોતાના ચાલુ નાણાકીય વર્ષની આવકનો અંદાજ કરી જો ભરવાપત્ર વેરો ૧૦૦૦૦/- થી વધુ થતો હોય તો નિયત હપ્તાઓમાં ભરવાનો થાય છે. ૧૫ માર્ચ ૨૦૨૨ સુધીમાં આવા કરતાએ પોતાનો એડવાન્સ ટેક્સનો ચોથો હપ્તો ભરવાનો થાય છે. ઈન્કમ ટેક્સ હેઠળ 44AD, 44ADA જેવી અંદાજિત તાવક યોજનાનો લાભ લેતા કરદાતાઓ માટે પણ પોતાની આવકનો અંદાજ કરી ટેક્સની સંપૂર્ણ રકમ ૧૫ માર્ચ પહેલા જમા કરાવવાની રહે છે. આમ ના કરવામાં આવે તો કરદાતા ઉપર માસિક ધોરણે ૧% જેવુ વ્યાજ લાગુ થતું હોય છે. આ વ્યાજ બચાવવા ૧૫ માર્ચ પહેલા એડવાન્સ ટેક્સ ભરી આપવો જરૂરી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૦૭.૦૩.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.)

# જીએસટી કાયદા અન્વયે વેરાશાખ મજરે લેવાની જોગવાઈની સરળ સમજ




**અમિત સોની (ટેક્ષ એડવોકેટ) નડીઆદ (૯૮૨૪૭ ૦૧૧૯૩)**

નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા બજેટ ૨૦૨૨-૨૩ માં વેરાશાખ મેળવવાની પદ્ધતિમાં ધરખમ ફેરફાર પ્રસ્તાવિત કરેલ છે. આમ જનતાને પોતાના રોજિંદા જીવન જરૂરિયાત માટે સો ટેક્ષ (કમ્પ્યુટરટાઇઝ વીણાટ) અનાજની પસંદગી કરે છે જેમકે કાંકરા, ફોતરી વિગેરે ન હોય તેમ હવે સરકાર પણ સો ટેક્ષ ટેક્નોલોજી માફક અનિયમિત વેચનાર વેપારીની વીણાટ કરી આવા વેપારીની વેરાશાખ ખરીદનાર વેપારીને મજરે આપશે નહીં. પત્રક કસૂરદાર, વેરા કસૂરદાર, બોગસ બિલિંગ વેપાર વિગેરે જેવા તમામ અનિયમિત વેપારીઓને લાગુ પડશે.

આજે આ લેખમાં વેરા શાખ પર અંકુશ મુકવામાં આવેલી જોગવાઈ વિશે સમજીશું..

**(૧)** જીએસટી કાયદા અન્વયે પાછલા વર્ષ ની રહી ગયેલ વેરાશાખ પછીના નાણાકીય વર્ષ ના સપ્ટેમ્બર માસ (એટલે કે એપ્રિલથી સપ્ટેમ્બર) સુધી હતી તેમાં વધારો કરીને હવે સપ્ટેમ્બરના રિટર્નની મુદતને બદલે ૩૦મી નવેમ્બર સુધી વેરા શાખ લઈ શકાશે.

**(૨)** જીએસટી કાયદા અન્વયે છેલ્લા સુધારા મુજબ વેપારી જીએસટીઆર (૨એ ) કે જીએસટીઆર (૨બી) મુજબ વેરાશાખ લેવામાં આવતી હતી તેમાં સુધારો કરીને ફક્ત જીએસટીઆર (૨બી) મુજબ વેરાશાખ મજરે મળશે. જીએસટી કાયદાના અમલીકરણ વખતે વેરાશાખ માટે ફોર્મ જીએસટીઆર-૨ અમલીકરણ થશે તેમ જણાવેલ હવે નવા બજેટ સુધારામાં ફોર્મ જીએસટીઆર- ૨ રદ કરેલ છે.

**(૩)** વેપારીના કેશ લેજરમાં રહેલ રકમ એક પાન નંબર ઉપર લેવામાં આવેલ અન્ય જીએસટી નંબર પર તબદીલ કરવાની નવી જોગવાઈ કરવામાં આવી છે. જો કે આ જોગવાઈનો લાભ બહુ ઓછા પ્રમાણમાં વેપારીને મળશે જેનુ કારણ આ જોગવાઈ મુજબ ફક્ત આઇજીએસટી, સીજીએસટી માટે સીમિત રહેશે. વધુમાં વેરાની ચુકવણી કે અન્ય કોઈ જોગવાઈ નો ભંગ કરેલ હશે તો લાભ મળી શકશે નહીં.

**(૪)** જીએસટી કાયદાની કલમ ૩૮ મુજબ બજેટમાં નોંધાયેલ વ્યક્તિ દ્વારા જીએસટીઆર - ૧ અપલોડ કર્યા બાદ ખરીદનાર વેપારીની ઇલેક્ટ્રોનિકલી સ્ટેટમેન્ટ આપવામાં આવશે જેમાં વેરાશાખને બે ભાગમાં વહેંચવામાં આવશે ૧ મળવાપાત્ર વેરાશાખ ૨ નહીં મળવાપાત્ર વેરાશાખ અને તે મુજબ વેરાશાખ લેવાની રહેશે.

**(૫)** જીએસટી કાયદાની અમલ થયેથી જો કોઈ ખરીદનાર વેપારી દ્વારા ખોટી વેરાશાખ માંગી હોય અને તે શાખ વણ વપરાયેલ હોય તેવા કિસ્સામાં સરકારશ્રી દ્વારા ૨૪% વ્યાજ આકરવામાં આવતુ હતુ તેમ બદલાવ લાવી ને પાછલી તારીખ એટલે કે જીએસટી કાયદાના અમલીકરણથી આવા કિસ્સામાં ૧૮% વ્યાજ લાગશે તેવો સુધારો સૂચિત કરેલ છે પરંતુ અગાઉ આવા કિસ્સામાં જેઓએ ૨૪% વ્યાજ આપેલ છે તેમને રિફંડ આપવા અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

**(૬)** જીએસટી કાયદા અન્વયે વેરાશાખ મજરે મેળવવા ખરીદનાર વેપારી પાસે અસલ બિલ, જીએસટીઆર-૧ અને પત્રક અને વેરો સમયસર ભરેલ હોવો જરૂરી છે.

**(૭)** જીએસટી કાયદા અન્વયે જીએસટીઆર-૨(એ)માં વેરાશાખ દેખાતી ન હોય અને ચોપડે હોય તો તેવા કિસ્સામાં વેરાશાખ ૫૦ વધુ વેરાશાખ લેવાની જોગવાઈ રદ કરેલ છે. આમ, હવે વેરાશાખ લેવા માટે જીએસટીઆર-૨ (બી) મુજબ જ વેરાશાખ મજરે મળી શકશે.

**(લેખક જાણીતા વિચાર લેખક છે અને ટેક્સ એડવોકેટ તરીકે નડિયાદ ખાતે પ્રેક્ટિસ કરે છે)**

# ટ્રસ્ટ અંગે ઈન્કમ ટેક્સ હેઠળ થયા છે મહત્વના ફેરફારો જે જાણવા છે તમારા માટે ખૂબ જરૂરી

## આવકવેરા અન્વયે સખાવતી સંસ્થા અને ધર્માદા ટ્રસ્ટો અંગેની નવી જોગવાઈઓની સમજ

આવકવેરા કાયદા અન્વયે સખાવતી અને ધાર્મિક ટ્રસ્ટો માટે ખૂબ જ અગત્યના સુધારા કરવામાં આવેલ છે અને આ સુધારા નો ભંગ થશે તો હવેથી ટ્રસ્ટો ને ખૂબ જ આર્થિક નુકસાન ભોગવાનો વારો આવશે. આ લેખમાં ટ્રસ્ટોના નવા સુધારાઓ વિશે વાંચકોને સમજ આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.




**(૧)** સર્વપ્રથમ બંને ટ્રસ્ટો એ હિસાબી ચોપડા રાખવા અંગેની જોગવાઈ ન હતી પરંતુ ફક્ત ઓડિટ માટે જોગવાઈ કરવામાં આવેલ હતી આમ બંનેમાથી કોઈપણ ટ્રસ્ટની આવકવેરા કરમુક્તિ મર્યાદા કરતાં આવક વધશે તો તેને ટ્રસ્ટ ના હિસાબી ચોપડા રાખવાના છે.

**(૨)** ટ્રસ્ટ એપ્લિકેશન ઓફ ઈન્કમ અન્વયે કોઈપણ ટ્રસ્ટને લગતા ખર્ચા કરે તે ચૂકવાના બાકી હોય તો પણ ખર્ચ તરીકે બાદ આપવામાં આવતા હતા. તેમાં ધરખમ ફેરકાર કરીને હવેથી કોઈપણ ટ્રસ્ટ ને ખરેખર ચૂકવેલ ખર્ચ તે વર્ષમાં જ એપ્લિકેશન ઓફ ઈન્કમ ગણીને જ ખર્ચ તરીકે બાદ આપવામાં આવશે. પરંતુ પ્રોવીઝન કરેલ ખર્ચ માન્ય ગણાશે નહીં. હવે હિસાબો લખવામાં રોકડ પદ્ધતિ અપનાવાની રહેશે.

**(૩)** ટ્રસ્ટની કુલ આવક ના ૮૫% જેટલો ખર્ચ કરવાની અને ૧૫% રિઝર્વ રાખવાની જોગવાઈ છે. જે ટ્રસ્ટે ૮૫% ખર્ચ કરેલ નથી તેઓએ ફોર્મ ૧૦ ભરીને ૫ વર્ષ માં આગળ કેરીફોરવર્ડ કરવામાં આવે છે અને કલમ ૧૧ (૫) મુજબ નિયત કરેલ રોકાણો માં રોકાણ કરવામાં આવે છે. ધર્માદા ટ્રસ્ટમાં આવા ખર્ચ ૫ વર્ષ બાદ તે ખર્ચાય નહીં તો ૫ વર્ષ બાદ ૬ઠા વર્ષે તે વર્ષની આવકમાં ઉમેરાતો હતો.

નવા સુધારામાં સખાવતી સંસ્થાઓ અને ધર્માદા સંસ્થાઓ એ ૮૫% ખર્ચ કરેલ નથી તેવા કિસ્સામાં બંને ટ્રસ્ટોને વધારાની આવક માટે નિયત ફોર્મ ભરવાનુ છે અને આવો ખર્ચ પાંચમાં વર્ષ ન થયેલ હોય તો પાચમાં વર્ષની આવક મા ઉમેરવાની છે આમ ધર્માદા સંસ્થાઓને ૬ વર્ષ સુધી લાભ મળતો હતો તે ઘટીને ૫ વર્ષની સમય મર્યાદા લાગુ થશે. ટુકમાં બંને ટ્રસ્ટઓ માટે ૫ વર્ષ ની સમય મર્યાદા લાગુ પડશે.

**(૪)** આવકવેરા કાયદાની કલમ ૧૩ (૩) હેઠળ મુજબના નિર્ધારિત કરેલ વ્યક્તિઓને જેમકે પ્રમુખ, ટ્રસ્ટી, મેનેજર, સગા સંબંધી વિગેરે ને વ્યાજબી કારણ વગર લાભ આપેલ હશે તો ટ્રસ્ટની કુલ આવક પર મુક્તિનો લાભ ન મળે તેવી જોગવાઈ હતી. તેમાં સુધારો કરીને હવે ફક્ત જેટલો લાભ આપેલ છે તેટલી રકમ નામંજૂર કરવામાં આવશે. આ આવકારદાયક સુધારો છે જેનુ કારણ ઘણી વખત નાની રકમ પકડાય તો ટ્રસ્ટ ને મોટું નુકસાન થતુ હતુ તેમાં રાહત થશે. હવે ફક્ત આવા નામંજૂર રકમ પર નવી કલમ ૧૧૫ (બીબીઆઈ) મુજબ સ્પેશિયલ દર ૩૦% લેખે વેરો ભરવાનો છે.

**(૫)** અગાઉ પેરા નં.૪ જણાવ્યા પ્રમાણે કોઈપણ ટ્રસ્ટ કાયદા નિર્ધારિત કરેલ વ્યક્તિને લાભ આપશે તો તેના પર ૩૦% દરે વેરો ઉપરાંત કલમ ૨૭૧ (એએઇ) દંડ ની જોગવાઈ મુજબ આવા નામંજૂર ખર્ચ પર પ્રથમ વર્ષે ૧૦૦% અને અનુગામી વર્ષ માટે ૨૦૦% લેખે દંડ ચૂકવાનો છે.

**(૬)** આવકવેરા કાયદા મા કલમ ૧૧૫ (બીબીઆઈ) નવી દાખલ કરેલ છે. પહેલા કાયદા મા કલમ ૧૧ અને ૧૨ ના ભંગ બદલ ટ્રસ્ટ ની કુલ આવક પર વેરામુક્તિ પાછી ખેચી લેવાની જોગવાઈ હતી તેમાં સુધારો કરીને વેરામુક્તિ ને લગતી કોઈપણ કલમ ના ભંગ બદલ તેવી રકમ પર કોઈપણ જાતનો ખર્ચ કે નુકસાન બાદ આપ્યા વગર સ્પેશિયલ રેટ ૩૦% મુજબ વેરો લાગશે. કલમ ૧૧ (૫) મુજબ નિયત કરેલ રોકાણો ના ભંગ બદલ અથવા રોકાણોની રકમ સિઝ થયેલ હોય તો આવા કિસ્સામાં પણ ૩૦% મુજબ વેરો લાગશે. આ ઉપરાંત કલમ ૧૩ (૩) મુજબ નિર્ધારિત વ્યક્તિ ને આપેલ લાભ ના ભંગ ને માની લીધેલ આવક ગણીને તેના પર ૩૦% મુજબ વેરો લાગશે.



**અમિત સોની (ટેક્ષ એડવોકેટ) ૯૮૨૪૭૦૧૧૯૩ , નડીઆદ (લેખક જાણીતા ટેક્સ એડવોકેટ, સમાજસેવી, વિચાર લેખક છે)**

**(૭)** કોઈપણ ટ્રસ્ટ નોન ચેરિટેબલ ટ્રસ્ટ મા પરિવર્તિત થાય અથવા સંયોજન થાય ત્યારે કલમ ૧૦ (૨૩સી) અન્વયે પહેલા એકઝીટ ટેક્ષ (નેટ બેલેન્સ) પર વેરો લાગતો હતો તેમાં સુધારો કરીને નવી કલમ ૧૧૫ (ટીડી) અન્વયે એકઝીટ ટેક્ષ ને બદલે મહત્તમ મા મહત્તમ ૩૪.૯૪૪% ના દરે વેરો લાગશે. આમ સખાવતી સંસ્થા અને ધર્માદા સંસ્થાઓ પર મહત્તમ મા મહત્તમ દરે સરખો વેરો લાગશે.

**(૮)** કલમ ૧૧ અને ૧૨માં રજીસ્ટર થયેલ ટ્રસ્ટો કલમ ૧૩૯ (૪એ) મુજબ નિયત સમય મર્યાદા મા રિટર્ન ન ભરે તો તેના વેરામુક્તિ નો લાભ ન મળે તેવી જોગવાઈ હતી જ્યારે સખાવતી સંસ્થાઓ માટે કલમ ૧૦ (૨૩સી) મા રિટર્ન ભરવાની જોગવાઇ ન હતી તેમાં સુધારો કરીને હવે કોઈપણ કલમ હેઠળ નોધાયેલ ટ્રસ્ટ એ આવકવેરા રિટર્ન ભરવુ જ પડશે. જે ટ્રસ્ટ રિટર્ન નહિ ભરેલ હોય તો તેની કુલ આવક પર વેરો ગણવાનો કે નહીં ? તે અંગે હવે નીચે જણાવેલ મુદ્દા નં.૯ મુજબ નવી ગણતરી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે .

**(૯)** જે ટ્રસ્ટે ઓડિટ કરાવેલ ન હોય, રિટર્ન ન ભરેલ હોય , કુલ આવક કરતાં ૨૦% થી વધુ કોમર્શિયલ આવક હોય આવા કિસ્સામાં આવકવેરા ગણતરી નીચે મુજબ કરવાની છે.

ટ્રસ્ટની કુલ આવકમાથી-બાદ મળવાપાત્ર ખર્ચ-નેટ આવક પર વેરો લાગશે.

કુલ મળવાપાત્ર ખર્ચ એટ્લે બાદ (૧) કોર્પસ ફંડમાંથી કરેલ ખર્ચ (૨) લોન ધ્વારા કરેલ ખર્ચ (૩) ઘસારા ની રકમ (૪) અન્ય વ્યક્તિ કે ટ્રસ્ટ ને આપેલ દાન ની રકમ, આ ચારેય ખર્ચ બાદ સિવાય અન્ય ટ્રસ્ટ ના ખર્ચ બાદ મળવાપાત્ર છે. વધુમાં ટ્રસ્ટે રૂ. ૧૦,૦૦૦/- કરતાં રોકડે થી ચૂકવેલ હશે તેવા ખર્ચ અને જે ખર્ચ પર ટીડીએસ ની જવાબદારી હશે તો તેવા ખર્ચ આવકમાથી બાદ મળશે નહીં.

**(૧૦)** જે ધાર્મિક સંસ્થા (મંદિર, ગુરુદ્વારા)ને રિનોવેશન, મરામત માટે સ્વૈછીક મળેલ દાન ને કોર્પસ દાન તરીકે ગણી શકાશે અને ૫ વર્ષ ની વાપરવાની જોગવાઈ લાગુ પડશે નહીં તેના માટે જણાવેલ શરતોનુ પાલન કરવાનુ છે. (૧) રિનોવેશન અને મરામત માટે કોર્પસ દાન મળેલુ હોવું જોઈએ (૨) મળેલ દાનની રકમ અન્ય સંસ્થાને દાન નહીં આપી શકશે (૩) અલગથી ઓળખી શકાય તેવા કોર્પસ દાનની જાળવણી કરવાની છે. (૪) કોર્પસ મળેલ દાન ની રકમ કલમ ૧૧ (૫) મુજબ ના રોકાણો મા રોકાણ કરવાનું છે.

આમ ચારેય શરતોનુ પાલન થયે થી જ કોર્પસ દાન ગણવામાં આવશે આમાથી કોઈપણ શરત નું ભંગ થશે તો જે તે વર્ષ ની આવકમાં ઉમેરવામાં આવશે.

**(૧૧)** ટ્રસ્ટની આકારણી કરતી વખતે આકારણી અધિકારી વેરામુક્તિ ના ભંગ બદલ ક્ષતિ જણાય અને તે અધિકારી પ્રિન્સિપલ કમિશ્નર ને જણાવે કે આ ટ્રસ્ટ ની વેરામુક્તિ રદ કરવા જણાવે ત્યારે પ્રિન્સિપલ કમિશ્નર ને વેરામુક્તિ રદ કરવાનો ઓર્ડર માટે કોઈ સમય મર્યાદા ન હતી તેમાં સુધારો કરીને આવા કિસ્સામાં પ્રિન્સિપલ કમિશ્નર ને ઓર્ડર પાસ કરવાની સમય મર્યાદા આકારણી અધિકારી એ પહેલી નોટિસ પાઠવેલ ના ક્વાર્ટર ના અંત થી ૬ મહિનાની સમય મર્યાદામા લાગુ પડશે.

**(લેખમાં આપવામાં આવેલ મંતવ્યો લેખકના અંગત મંતવ્ય છે)**

# પાર્ટનર દ્વારા પાર્ટનરશિપ ફર્મને વેપાર કરવા માટે ભાડા વગર વાપરવામાં આપેલ મિલ્કત સંદર્ભમાં GST ચૂકવવા માટે ભાગીદાર જવાબદાર બનેઃ AAR ચેન્નાઈ




**અમિત સોની (ટેક્ષ એડવોકેટ), નડિયાદ-૯૮૨૪૭૦૧૧૯૩**

અરજદાર ભાગીદારી પેઢીમાં મેનેજિંગ પાર્ટનર છે અને તેના નામે અમુક મિલકતો છે. આ પેઢી તે મિલકતો પર વિનામૂલ્યે તેનો વ્યવસાય કરે છે. અરજદારે જણાવ્યું હતું કે IT એક્ટમાં સ્પષ્ટ છે કે જ્યારે ભાગીદાર તેની મિલકતનો ઉપયોગ પેઢી દ્વારા કરવામાં આવતા વ્યવસાય માટે કરે છે, તો પછી ડીમ્ડ ભાડું ઉભું થતું નથી. આથી ઉપરોક્ત દશ્ય માટે GST કાયદા હેઠળ સ્પષ્ટતા માટે AAR અરજી કરેલ હતી. AAR ચેન્નાઈ બેન્ચે ઠરાવ્યું છે કે ભાગીદારી પેઢીને ભાડે આપવામાં આવતી વ્યક્તિની મિલકત GST કાયદા હેઠળ 'પુરવઠો' (Supply) છે. જો કે જ્યારે આવા ભાડા માટે વિચારણા કરવામાં આવે છે, ત્યારે CGST અધિનિયમ ૨૦૦૭ની અનુસૂચિ I સ્પષ્ટપણે જણાવે છે કે જો કોઈ અવેજ કર્યા વિના કરવામાં આવે તો પણ સપ્લાય તરીકે ગણવામાં આવતી પ્રવૃત્તિઓ એ માલ અથવા સેવાઓનો પુરવઠો હોય અથવા સંબંધિત વ્યક્તિઓ વચ્ચે અથવા કલમ ૨૫ માં ઉલ્લેખિત અલગ વ્યક્તિઓ વચ્ચે હોય તો તેવા વ્યવહાર ને સપ્લાય ગણાશે. બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે જ્યાં સપ્લાય સંબંધિત વ્યક્તિઓ વચ્ચે હોય ત્યાં આવા સપ્લાયનું મૂલ્ય આવા સપ્લાયનું ઓપન માર્કેટ વેલ્યુ હોવું જોઈએ. જ્યાં ખુલ્લું બજાર મૂલ્ય ઉપલબ્ધ ન હોય ત્યાં, સમાન પ્રકારની અને ગુણવત્તાની વસ્તુઓ અથવા સેવાઓનો પુરવઠો અધિનિયમની કલમ ૧૫(૫) હેઠળ કરપાત્ર મૂલ્ય હશે. તમામ સંબંધિત તથ્યોને ધ્યાનમાં લેતા AAR ચેન્નાઈ બેન્ચે ચુકાદો આપ્યો છે કે ભાગીદાર દ્વારા ભાડા વિના પણ વ્યવસાય હેતુ માટે ભાડે આપવામાં આવેલી મિલકત GSTને આકર્ષે છે અને ખુલ્લા બજાર મૂલ્ય પર વેરો ભરવો પડશે.

# જીએસટીઆર-૧માં સુધારા કરવાની નિયત સમય મર્યાદા વીતી હોવા છતાં સુધારો કરી શકાશે

તા. ૦૩.૦૩.૨૦૨૨: જી.એસ.ટી કાયદા હેઠળ વેચનાર વેપારીએ પોતાના ઇરઇ વેચાણ બાબતે GSTR 1 ફોર્મ ભરવાનું થાય છે. કલમ ૩૭ (૩) અન્વયે નિયત સમય મર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં જીએસટીઆર-૧ સુધારો કરવા માટે મુંબઈ હાઇકોર્ટના તા. ૧૧-૦૨-૨૦૨૨ માર્બલ આનંદ ટર્નલ પ્રા. લી ના કેસમાં વેપારીએ જીએસટી આર-૧ રિટર્ન ભરેલ પરંતુ એકાઉન્ટ સોફ્ટવેરના ભૂલને કારણે માં અસલ ખરીદનાર વેપારીની જગ્યા એ બીજા ખરીદનાર વેપારીનો ડેટા અપલોડ થઈ ગયેલ જેના કારણે અસલ ખરીદનાર વેપારી ને વેરાશાખ ન મળવાને કારણે, ખરીદનાર વેપારી ધ્વારા વેચનાર વેપારી પર કાનૂની કેસ કરવાની ધમકી આપવામાં આવી હતી ત્યારે વેપારીએ જીએસટી ખાતા પાસે જીએસટીઆર-૧ સુધારો કરવા લેખિત અરજી કરી જે નકારતા વેપારીએ મુંબઈ હાઇકોર્ટ માં જીએસટીઆર-૧ માં સુધારો કરવા દાદ માંગી અને કોર્ટ ને જણાવેલ કે અમારે વેચાણની રકમમાં કોઈ જ સુધારો કરવો નથી ફક્ત અમારે નામ માં સુધારો કરવા દેવામાં આવે જેનું કારણ એ છે કે જે અસલ ખરીદનાર વેપારી ને વેરાશાખ મળતી નથી અને જે વેચેલ નથી તે વેરાશાખ લેતો નથી માટે ત્યારે કોર્ટે તા. ૨૯-૧૨-૨૦૧૭ ના પરિપત્ર ને ટાંકીને વેપારીને જીએસટીઆર-૧માં સુધારો કરવા અંગે વેપારીની તરફેણ માં




ચુકાદો આપેલ. આ ચુકાદા આપતી વખતે અગાઉ ના મદ્રાસ હાઇકોર્ટ ના બે ચુકાદા ધ્યાને લીધેલ છે.

૧) Pentacle Plant Machineries Pvt Ltd (2021)ના કેસમાં વેપારીએ જીએસટીઆર-૧ ભરતી વખતે એક રાજયને બદલે અન્ય રાજય લખેલ (ટૂકમાં ખોટુ રાજય લખેલ) જેના કારણે જીએસટી ખાતાએ સુધારો કરવાની મંજૂરી ન આપતા વેપારીએ હાઇકોર્ટ માં દાદ માંગી અગાઉ જણાવેલ પરિપત્રને ટાંકીને વેપારી સુધારો કરવાની છૂટ આપતો ચુકાદો આપેલ.

૨) Sun Dye Chem (madras) 2021 ના કેસમાં વેપારી જીએસટીઆર-૧માં એસજીએસટી, સીજીએસટી ટેક્સ ની રકમ આઇજીએસટી ના કોલમમાં બતાવેલ જેના કારણે ખરીદનાર વેપારીને ક્રેડિટ ન મજરે ન મળતા વેપારીએ હાઇકોર્ટમાંની દાદ માંગીને કોર્ટે વર્ષ ૨૦૧૭ ના પરિપત્રને ધ્યાને લઈ જીએસટીઆર-૧માં સુધારો કરવાની ઓર્ડર કરેલ.

જે વેપારીના કિસ્સામાં બિટુબીને બદલે બિટુસીએસ થયેલ હોય, ખોટો જીએસટી નંબર લખેલ હોય અથવા અસલ વેપારી નામ ને બદલે બીજા વેપારીના નામ દર્શાવેલ હોય તો વિગેરે સંજોગોમાં જીએસટીઆર-૧ ની નિયત સમય મર્યાદા વિતી ગયેલ હોવા છતાં ઉપરોક્ત ત્રણ ચુકાદા ધ્યાને લઈ ખાતા માં લેખિત અરજી આપીને ચુકાદાનો લાભ લેવો જોઈએ.

**અમિત સોની (ટેક્ષ એડવોકેટ), પ્રેસ પ્રતિનિધિ, ટેક્સ ટુડે, નડીઆદ.**

# બજેટ-૨૦૨૨માં વ્યવસાય વેરાના દરમાં ફેરફાર

## વેપારી મિત્રો, વકીલ મિત્રો અને એકાઉન્ટન્ટ મિત્રો અને ખાસ કર્મચારીઓને સ્પર્શતા વ્યવસાય વેરાના કાયદા હેઠળ વ્યવસાય વેરાના હયાત માળખામાં કરાયા ફેરફાર

**હર્ષદ ઓઝા દ્વારા**
**તા.૦૩ માર્ચ ૨૦૨૨, મહેસાણા**

ગુજરાત રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઇએ આજનું બજેટ રજૂ કર્યું અને બજેટ રજૂ કર્યા પછી નાણાંમંત્રી કનુભાઈ દેસાઇએ પત્રકારો સાથે વાતચીત કરી હતી. ટેક્ષેશનના અભ્યાસનું એવા ટેક્ષ એડ્વોકેટ હર્ષદ ઓઝાનું વ્યવસાય વેરા બજેટ ૨૦૨૨ બાબતે કહેવું છે કે આપણાં વેપારી મિત્રો, વકીલ મિત્રો અને એકાઉન્ટન્ટ મિત્રો અને ખાસ કર્મચારીઓને સ્પર્શતા વ્યવસાય વેરાના કાયદા હેઠળ વ્યવસાય વેરાના હયાત માળખામાં રૂ. ૬,૦૦૦ થી રૂ ૮,૯૯૯ તથા રૂ. ૯,૦૦૦ થી રૂ ૧૧,૯૯૯ સુધીનો માસિક વેતન મેળવનાર ઉપરનો અનુક્રમે રૂ ૮૦ તથા રૂ ૧૫૦નો માસિક વ્યવસાયવેરો સંપુણ નાબૂદ કરી હવે રૂ ૧૨,૦૦૦ સુધીના માસિક પગાર કે વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. આ ફેરફારથી વ્યવસાયવેરો ભરતા મધ્યમ વર્ગના આશરે ૧૫ લાખ કરદાતાઓને રૂ. ૧૯૮ કરોડની રાહત મળશે. જેના પરિણામે રાજ્યની સંચિતનિધિની આવકમાં અંદાજે રૂ ૧૦૮ કરોડનો ઘટાડો પણ થશે. આ સિવાયના વ્યવસાય વેરાના દરોમાં ફેરફારની જાહેરાત થઈ નથી તેથી વેપારી વર્ગ નારાજ થયો છે.




# ગુજરાત હાઈકોર્ટનો સેન્ટ્રલ અને સ્ટેટ જી.એસ.ટી.ને પ્રશ્નઃ વેચનાર વેરો ના ભારે તો પણ પ્રમાણિક ખરીદનારને તમે કેવી રીતે રાહત આપશો?

## જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૨)(C)ની વૈધતા પડકારતી અરજી દરમ્યાન ગુજરાત હાઈકોર્ટનો જી.એસ.ટી. ડિપાર્ટમેંટને વેધક પ્રશ્ન!

તા. ૧૧.૦૩.૨૦૨૨: ગુજરાત હાઈકોર્ટમાં જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૨)(c)ની વૈધતા બાબતે પ્રશ્ન ઉઠાવતી રિટ પિટિશન દાખલ કરવામાં આવી છે. જી.એસ.ટી. કાયદાની આ કલમ મુજબ જ્યારે વેચનાર દ્વારા વેરો ભરવામાં ના આવ્યો હોય તેવા સંજોગોમાં ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ના આપવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. આ કેસની સુનાવણી દરમ્યાન ગુજરાત હાઈકોર્ટની ટેક્સ બેન્ચ દ્વારા સેંટરલ અને સ્ટેટ ટેક્સ ડિપાર્ટમેંટને એવો



વેધક પ્રશ્ન કરવાંમાં આવ્યો હતો કે, અપ્રમાણિક કરદાતાઓને રોકવાના હેતુથી બનાવવામાં આવેલ આ જોગવાઈમાંથી પ્રમાણિક કરદાતાઓને તમે કેવી રીતે રાહત આપશો? કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું હતું કે વેચનાર વેપારી ટેક્સના ભારે તેના ઉપર ખરીદનાર વેપારી કેવી રીતે જવાબદાર બની શકે?? ખરીદનાર દ્વારા જ્યારે વેચનારને માલ તથા ટેક્સની રકમ ચૂકવી આપવામાં આવી હોય ત્યારે ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કેવી રીતે રોકી શકાય? આ પ્રકારના મહત્વના પ્રશ્નો બેન્ચ દ્વારા સરકારી વકીલને કરવામાં આવ્યા હતા. જો કે કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું હતું કે જ્યારે કોઈ ખરીદનાર તથા વેચનારની સાંઠગાંઠ સાબિત થતી હોય ત્યારે ચોક્કસ આ ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરી શકાય છે. આ કેસની સુનાવણીમાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી સિનિયર એડવોકેટ સરકારનો પક્ષ રજૂ કરશે. આ કેસની હવે પછીની સુનાવણી આગામી સપ્તાહમાં થશે તેવી સંભાવના રહેલી છે. આ કેસ જી.એસ.ટી. હેઠળ પ્રમાણિક કરદાતાઓને કરવામાં આવી રહેલી કનડગત સામે ખૂબ મહત્વનો સાબિત થશે તે ચોક્કસ છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના



**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

### 05th March 2022

### જી.એસ.ટી.

**અમારા અસીલે એગ્રિકલચર પ્રોડક્ટ (ઘઉં જીરા) ની સફાઈ માટે મશીન લાવેલ છે આ મશીન ઉપર અમે જીએસટી ની ક્રેડિટ લીધેલ છે હવે અમે ખેડૂતોને ઘઉં જીરાની સફાઈ માટેની સર્વિસ આપીએ છીએ તો શું આ સર્વિસ ઉપર અમારે જીએસટી ભરવાની જવાબદારી આવે? જો આવે તો જીએસટી કેટલા ટકા લાગ? હવે અમારે આ પેઢીનો જીએસટી નંબર રદ કરવો છે અમે જે મશીન ખરીદેલ હતું તેના પર શું જીએસટી ની ક્રેડિટ લીધેલ છે તેનો ટેક્સ ભરવો પડશે? ભરવો પડે તો ક્યાં જીએસટી આર –૧૦ ફાઈલ કરશું ત્યાં કે પછી જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૨નું ૩બી ભરીએ તેમાં આઈટીસી રિવર્સ કરીને કેન્સલ કરી શકીએ. – દેવાભાઈ ભૂખિયા, ટેક્સ એડવોકેટ ડીસા**

જવાબઃ ઘઉં-જીરા ની સફાઈ ઉપર ૫% ના દરે જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. જો મશીનરીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધેલ હોય તો જી.એસ.ટી. નિયમ ૪૩ હેઠળ રિવર્સ કરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમો એક એજ્યુકેશન કન્સલ્ટન્ટની ફ્રેંચાઈઝી ધરાવીએ છીએ. જેમાં અમોને કમિશન મળે છે. શું અમોને જી.એસ.ટી. હેઠળ નોંધણી મેળવવાની ૨૦ લાખની મર્યાદાનો લાભ મળે? કે અમારે જી.એસ.ટી. કાયદાની કલમ 24(VII) હેઠળ ફરજિયાત નોંધણી દાખલો લેવો પડે? જો ફરજિયાત નોંધણી દાખલો લેવો પડે તો શું અમોને સર્વિસ કંપોઝીશનનો લાભ મળે? – વિકાસ મિસ્ત્રી, આણંદ**

જવાબઃ હા, અમારા માટે ફ્રેંચાઈઝી હેઠળ સેવા પૂરી પડતાં હોય જી.એસ.ટી. કાયદાની કલામ 24(VII) હેઠળ ફરજિયાત નોંધણી નંબર લેવો પડે તેવો અમારો મત છે. હા, કંપોઝીશન સ્કીમનો લાભ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલ પેટ્રોલ પંપનો ધંધો ધરાવે છે. તેઓનું ટર્નઓવર ૨૦ કરોડથી વધુ છે. શું તેઓની ઉપર ઇ ઇન્વોઇસના નિયમો લાગુ પડે? – જગદીશ વ્યાસ, ડીસા**

જવાબઃ પેટ્રોલ પંપના વેપારીનો મુખ્ય ધંધો નોન જી.એસ.ટી. B2Cના ઈંવોઈસ આપવાના થતાં હોય, આ પ્રકારના બિલો માટે ઇ ઇન્વોઇસની જોગવાઈ લાગુ પડે નહીં. પરંતુ ઓઇલના B2B વેચાણ, ટ્રંક રેન્ટ બાબતે RCMના બિલ બનાવવા માટે ઇ ઇન્વોઇસની જોગવાઇઓ લાગુ પડશે તેવો અમારો મત છે.

**અમારા અસીલ પશુ આહારનો તથા અનાજનો ધંધો કરે છે. આ પશુ આહાર તથા અનાજ બંને કરમુક્ત છે. તેઓનું ટર્નઓવર ૫૦ લાખથી વધુ છે. શું તેઓએ ફરજિયાત નોંધણી નંબર લેવો જરૂરી બને? – સંદીપ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ના, માત્ર કરમુક્ત માલનો ધંધો કરતાં વ્યક્તિને જી.એસ.ટી. નંબર લેવો ફરજિયાત બને નહીં. માત્ર સાવચેતી માટે જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૨૪ હેઠળ ફરજિયાત નંબરની જોગવાઇઓ લાગુ નથી પડતી એ જોઈ જવું જરૂરી છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ ઉત્પાદક છે. તેઓ અંતરરાજ્ય માલનું વેચાણ કરે છે તેમાં ટ્રાન્સપોર્ટરની સેવા લે છે. આ ટ્રાન્સપોર્ટરની સેવાઓ ઉપર TDS કાપવામાં ના આવે તેના માટે ટ્રાન્સપોર્ટર ડિકલેરેશન આપે છે. શું આ ડિકલેરેશન ધ્યાને લઈ TDS ના કરવું યોગ્ય કહેવાય? – હિત લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ**

જવાબઃ હા, ટ્રાન્સપોર્ટર દ્વારા આપવામાં આવતા ડિકલેરેશન ધ્યાને લઈ TDSની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

### 12th March 2022

### જી.એસ.ટી.

**હાલ, આપની વેબસાઇટ ઉપર ભાગીદારી પેઢીને વાપરવામાં આપવામાં આવેલ મિલ્કત અંગે જી.એસ.ટી. ની જવાબદારી અંગેના AAR વિષે લેખ વાંચ્યો. અમારો પ્રશ્ન એ છે કે શું આ ભાડાની કોઈ લિમિટ ખરી? પેઢી લેમ્પસમમાં હોય તો શું જવાબદારી આવે? શું ટોકન ભાડું આપીએ તો ચાલે? ભાગીદારનું ટર્નઓવર ૨૦ લાખથી નીચે હોય તો શું જવાબદારી આવે? આ અંગે માર્ગદર્શન આપવા વિનંતી. – ભરત બારાઈ, અવધેશ એજન્સી, રાજકોટ**

જવાબઃ ભાગીદાર દ્વારા પેઢીને વાપરવામાં આપવામાં આવેલ ભાડા અંગેનું AAR કરદાતા માટે મુશ્કેલી ઊભી કરી શકે છે તે ચોક્કસ છે. આપના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે આ બાબતે ભાડાની કોઈ લિમિટ નથી. પેઢી લમ્પ્સમમાં હોય તો પણ આ ભાડા માટે AAR મુજબ કોઈ ફેર પડે નહીં. ભાગીદારનું ટર્નઓવર ૨૦ લાખથી નીચે હોય તો ભાડા ઉપર ભાગીદારની જવાબદારી ના આવે તેવો અમારો મત છે. જો કે એક બાબત જાણવી જરૂરી છે કે AAR એ જે કરદાતાએ અરજી કરી હોય તેને જ સીધી રીતે લાગુ પડે.

**અમારા અસીલ જી.એસ.ટી. નંબર ધરાવે છે. અમારે ધંધાનું સ્થળ બદલવાનું હોય ભાડા ચિઠ્ઠી ૨૫.૦૬.૨૦૨૧ ના રોજ કરેલ છે. પરંતુ અમુક સંજોગો ના કારણે ધંધાનું સ્થળ ૧૦.૦૨.૨૦૨૨ ના રોજ મોડુ બદલવેલ છે. તેઓએ સ્થળ બદલવા અંગે ઓનલાઈન અરજી ૦૨.૦૨.૨૦૨૨ ના રોજ કરેલ છે. જી.એસ.ટી. હેઠળની અરજી મોદી હોય અધિકારી દંડની કાર્યવાહી કરી શકે? શું ભાડાકરાર કર્યા પછી નવા સ્થળે તુરંત ફેરફાર કરવો જરૂરી છે? જૂના સ્થળે ધંધો ના કરી શકે?**

**– વિષ્ણુભાઈ ટાંક, ડીસા**

જવાબઃ ભાડા કરાર કર્યા બાદ તુરંત ધંધાનું સ્થળ બદલવું એવો સ્પષ્ટ નિયમ ના હોય શકે. પરંતુ સામાન્ય રીતે ભાડા કરારમાં કબ્જા અંગેની જોગવાઈ હોય, ભાડા કરાર કર્યાથી વધારાના સ્થળ તરીકે અરજી કરી આપવી હિતાવહ છે. આ વધારાના સ્થળ તરીકે નંબરની નોંધ કરાવેલ હોય જૂના ધંધાના સ્થળ ઉપર ધંધો કરી શકે તેવો અમારો મત છે.

**અમારા અસીલને ડોમેસ્ટિક પ્યોરીફાયર સર્વિસ કરવાનો ધંધો છે. આ ધંધામાં સેવા અને માલ બન્નેનો સમાવેશ થાય છે. આ અસીલ કંપોઝીશનમાં જવા માંગતા હોય તો કેવી રીતે લાભ લઈ શકે?**

**– વિજય પ્રજાપતિ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦ હેઠળ મુખ્ય ધંધો માલ વેચાણનો હોય અને નિયત મર્યાદામાં (માલ વેચાણના ૧૦% અથવા ૫ લાખ, બન્નેમાં જે વધુ હોય તે) તો માલ અંગેના કંપોઝીશન ૧% નો લાભ મળે. જો મુખ્ય ધંધો સેવાનો હોય તો સેવા કંપોઝીશન ૬% નો વિકલ્પ રહેલ છે. આ બે વિકલ્પો અમારા માટે આપના અસીલને મળી શકે.

**જી.એસ.ટી. કલમ ૭૩ હેઠળ વેરો ભરવાની જવાબદારી આવે તો તેમાં વ્યાજ કેટલા ટકા લાગુ પડે? – જિગ્નેશભાઈ દેત્રોજા, ધોરાજી**

જવાબઃ જી.એસ.ટી. કલમ ૭૩ હેઠળ વેરો ભરવાની જવાબદારી ઉપર જી.એસ.ટી. કાયદાની કલમ ૫૦ હેઠળ ૧૮% લેખે વ્યાજ લાગુ પડે તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. કલમ ૭૪(૮) હેઠળ ૨૫% ની પેનલ્ટી સૂચવવામાં આવી છે તે ફરજિયાત છે કે અધિકારી આથી ઓછી પેનલ્ટી કરી શકે? – જિગ્નેશભાઈ દેત્રોજા, ધોરાજી**

જવાબઃ જી.એસ.ટી. કલમ ૭૪(૮) હેઠળ ૨૫%ની પેનલ્ટી ફરજિયાત પેનલ્ટી છે. તેમાં અધિકારી કોઇ ઘટાડો કરી શકે નહીં.

### –:: ખાસ નોંધ ::–

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઇઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડેને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડેને નીચે આપેલ ઇ-મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિન વ્યવસાયી રીતેના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ મને taxtodayuna@gmail.com પર ઈમેઈલ કરી શકો છો. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# ૧ એપ્રિલથી ૨૦ કરોડ ઉપર ટર્નઓવર ધરાવતા કરદાતા માટે ઈ-ઇનવોઇસ ફરજીયાત

## પાછલા વર્ષમાં કરદાતાનું ટર્નઓવર ૨૦ કરોડથી વધુ હોય તો ઈ-ઈનવોઈસ ફરજિયાત

તા. ૦૧.૦૩.૨૦૨૨: જી.એસ.ટી. કાયદામાં નોટિફિકેશન ૧/૨૦૨૨, તા.૨૪.૦૨.૨૦૨૨ બહાર પાડી ૨૦ કરોડ કે તેથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ઇ ઇનવોઇસ બનાવવું ફરજીયાત કરી આપવામાં આવ્યું છે. હાલ આ મર્યાદા ૫૦ કરોડની હતી. કરદાતા ૨૦૧૭ ૧૮ થી ૨૦૨૧-૨૨ ના કોઈ પણ વર્ષમાં ૨૦ કરોડ કે તેથી વધુ ટર્નઓવર ધરાવતા હોય તેઓ ૦૧.૦૪ ૨૦૨૨ થી સામાન્ય રીતે પ્રિન્ટેડ બિલ બુકમાં આપવામાં આવતા ટેક્સ ઇનવોઇસના સ્થાને GST પોર્ટલ ઉપર ઇ-ઇનવોઇસ જનરેટ કરવાંનું રહેશે. ૦૧ એપ્રિલથી આવા કરદાતાઓ દ્વારા જનરેટ કરવામાં આવેલ ઇ ઇનવોઇસ જ માન્ય ગણાશે.

**GST હેઠળ શું છે ઇન્વોઇસ શું છે?**

'ઈ-ઈનવોઈસિંગ'ને 'ઈલેક્ટ્રોનિક ઈન્વોઈસિંગ' તરીકે પણ ઓળખી શકીએ. આ એક એવી સિસ્ટમ છે જેમાં GST પોર્ટલ ઉપર પર વેપારીએ લોગિન કરી પોતાના B2B ઈન્વોઈસને ઈલેક્ટ્રોનિક રીતે બનાવવા તથા પ્રમાણિત કરવાના રહેતા હોય છે. ઇલેક્ટ્રોનિક ઇન્વોઇસિંગ સિસ્ટમ હેઠળ, GST નેટવર્ક (GSTN) દ્વારા સંચાલિત ઇન્વોઇસ રજિસ્ટ્રેશન પોર્ટલ (IRP) દ્વારા દરેક ઇન્વોઇસ સામે એક આઈડેન્ટીફીકેશન નંબર આપવામાં આવે છે. નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર દ્વારા einvoice1.gst.gov.in બનાવવામાં આવ્યું છે. નિયત વેપારીઓ એ આ પોર્ટલ ઉપર ઇ ઇન્વોઇસ બનાવવાના રહેતા હોય છે. તમામ ઇન્વોઇસ માહિતી આ પોર્ટલ પરથી GST પોર્ટલ અને ઇ-વે બિલ પોર્ટલ બંને પર રીઅલ-ટાઇમમાં ટ્રાન્સફર કરવામાં આવતી હોય છે. આ પોર્ટલ ઉપરથી GSTR-1 રિટર્ન ફાઇલ કરતાં સમયે મેન્યુઅલ ડેટા એન્ટ્રીની જરૂરિયાતને દૂર થઈ શકશે. ઇ-ઇન્વોઇસ પોર્ટલની માહિતી ઉપરથી ઇ-વે બિલના ભાગ-અ ઓટો પોપ્યુલેટ થઈ શકશે

**ઇ-ઇન્વોઇસ ક્યાં વેપારીઓને (કરદાતાઓ) ફરજિયાત લાગુ પડે?**

નોટિફિકેશન નંબર ૬૧/૨૦૨૦-સેન્ટ્રલ ટેક્સ તથા ૭૧/૨૦૨૦-સેન્ટ્રલ ટેક્સ મુજબ ૫૦૦ કરોડથી વધુનું કુલ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ઈ-ઈનવોઈસિંગનો પ્રથમ તબક્કો ૧લી ઑક્ટોબર ૨૦૨૦થી લાગુ કરવામાં આવ્યો હતો. જો કે આ મુદતમાં વધારો કરી ૦૧ ડિસેમ્બર ૨૦૨૦ થી ૫૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે ઇ-ઇન્વોઇસ લાગુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નોટિફિકેશન નંબર ૮૮/૨૦૨૦ મુજબ ૧લી જાન્યુઆરી ૨૦૨૧ થી ઇ ઇન્વોઇસની ટર્નઓવરની મર્યાદામાં ઘટાડો કરી રૂા. ૧૦૦ કરોડથી વધુનું કુલ ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે ઈ-ઇન્વોઇસ બનાવવું ફરજિયાત બનાવવાંમાં આવ્યું હતું. ત્યારબાદ ફરી ટર્નઓવરની મર્યાદામાં ઘટાડો કરી નોટિફિકેશન નંબર ૫/૨૦૨૧ દ્વારા ૧લી એપ્રિલ ૨૦૨૧થી ટર્નઓવરની મર્યાદા રૂા. ૧૦૦ થી ઘટાડી રૂા. ૫૦ કરોડ




કરવામાં આવી હતી.

હવે, CBIC દ્વારા ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ નોટિફિકેશન નંબર ૧/૨૦૨૨ દ્વારા ૫૦ કરોડની મર્યાદામાં ફરી ઘટાડો કરી આ મર્યાદા રૂા.૨૦ કરોડ કરવામાં આવી છે. આમ, હવે ૦૧ એપ્રિલ ૨૦૨૨ થી પાછલા વર્ષમાં ૨૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ દ્વારા પોતાના ઇ૨ઇ (બિઝનેસ ટુ બિઝનેસ) જી.એસ.ટી. હેઠળ નોંધાયેલા કરદાતા માટેના બિલો ઈ-ઇન્વોઇસ પદ્ધતિ દ્વારા બનાવવાના રહેશે.

**૨૦૧૭-૧૮ થી ટર્નઓવરની મર્યાદા ગણવાની રહેશેઃ**

ઈ-ઇન્વોઇસ અંગેની ટર્નઓવરની મર્યાદા ગણવામાં એક બાબત ધ્યાને રાખવી ખૂબ જરૂરી છે. CBIC નોટિફિકેશન ૭૧/૨૦૨૦, તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ મુજબ ટર્નઓવરની ગણતરી કરવામાં જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી પાછલા તમામ નાણાકીય વર્ષનું ટર્નઓવર જોવાનું રહેશે. જો ૨૦૧૭-૧૮ થી ૨૦૨૧-૨૨ સુધીના કોઈપણ નાણાકીય વર્ષમાં ટર્નઓવર નિર્દિષ્ટ મર્યાદા કરતાં વધી જાય તો કરદાતાઓએ ઈ-ઇન્વોઇસના નિયમનું પાલન કરવાનું રહેશે. ઉપરાંત, એ જાણવું પણ જરૂરી છે કે ટર્નઓવરની ગણતરીમાં સમગ્ર ભારતમાં એક જ PAN હેઠળના તમામ GSTIN ના ટર્નઓવરનો સમાવેશ થશે.

ઉદાહરણ તરીકે કોઈ વેપારીનું નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦નું ટર્નઓવર ૨૧ કરોડ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં તેનું ટર્નઓવર માત્ર ૨ કરોડ છે. આમ છતાં ૦૧ એપ્રિલ ૨૦૨૨ થી કરદાતાએ ઈ-ઇન્વોઇસ બનાવવાની જોગવાઈનું પાલન કરવાનું થશે. આવી રીતે કોઈ એક વેપારીનું ગુજરાતના નોંધાયેલ જી.એસ.ટી. નંબર માટેનું ટર્નઓવર ૩૦ કરોડ છે. તેઓના દાદરા-નાગર હવેલી, દમણ દીવ હેઠળ નોંધાયેલ જી.એસ.ટી. નંબરનું ટર્નઓવર માત્ર ૧૦ લાખ જ છે. આમ છતાં દાદરા-નાગર હવેલી, દમણ દીવના જી.એસ.ટી. નંબર માટેપણ તેઓ ઇ-ઇન્વોઇસ બનાવવા જવાબદાર બની જશે.

**ઇ ઇન્વોઇસની જોગવાઈ ક્યાં કરદાતાઓને લાગુ પડે નહીં:**

CBIC નોટિફિકેશન નંબર ૧૩/૨૦૨૦, તા. ૨૧ માર્ચ ૨૦૨૦-સેન્ટ્રલ ટેક્સમાં સૂચિત કર્યા મુજબ, હાલ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ નીચેના વ્યક્તિઓની નીચેની શ્રેણીઓને ઇ ઇન્વોઇસના નિયમો લાગુ થશે નહીં:

NBFC સહિતની વીમા કંપની અથવા બેંકિંગ કંપની અથવા નાણાકીય સંસ્થા

ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી (GTA)

પેસેન્જર પરિવહન સેવાઓ સપ્લાય કરતી નોંધાયેલ વ્યક્તિ

મલ્ટિપ્લેક્સ સેવાઓમાં સિનેમેટોગ્રાફિક ફિલ્મોના પ્રદર્શનમાં પ્રવેશ દ્વારા સેવાઓ પૂરી પાડતી નોંધાયેલ વ્યક્તિ

એક SEZ એકમ (CBIC નોટિફિકેશન નંબર ૬૧/૨૦૨૦ દ્વારા બાકાત - કેન્દ્રીય કર)

સરકારી વિભાગ અને સ્થાનિક સત્તાધિકરણ (જેવા કે નગર પાલિકા, મ્યુનિસીપલ કોર્પોરેશન વી) (CBIC નોટિફિકેશન નંબર ૨૩/૨૦૨૧ દ્વારા બાકાત - કેન્દ્રીય કર)

ઇ ઇન્વોઇસથી શું થશે ફાયદો? GSTN દ્વારા શરૂ કરાયેલ ઇ ઇન્વોઇસનો ઉપયોગ થવાથી વેપારીઓને નીચેના લાભો થશેઃ ઇન્વોઇસ મિસમેચ ભૂલોમાં થશે ઘટાડો.ઇન્વોઇસ મેચિંગની મગજમારી માંથી થશે છુટકારો. ઇ-ઇન્વોઇસ દ્વારા સપ્લાયર દ્વારા તૈયાર કરવામાં આવેલા ઈન્વોઈસનું રીઅલ-ટાઇમ ટ્રેકિંગ શક્ય બને છે. ટેક્સ રિટર્ન ફાઇલ કરવાની પ્રક્રિયામાં ઇ-ઇન્વોઇસના ડેટા ઓટો પોપ્યુલેટ થતાં હોય, રિટર્ન ભરવામાં ભૂલો નિવારી શકાય છે. ઇ-વે બિલનો ભાગ-A જનરેટ કરવા સરળતા રહેશે. ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવી ઝડપી, સરળ અને પારદર્શી બનશે. ઈ-ઈનવોઈસિંગ કરચોરી કેવી રીતે અટકાવશે? ઇ-ઇન્વોઇસ લાવવાનો હેતુમાં સૌથી મહત્વનો હેતુ છે કરચોરી ડામવાનો હેતુ!! ઇ-ઇન્વોઇસ લાગુ થવાથી અધિકારીઓ ઇ-ઇન્વોઇસ વ્યવહારોની ઉપર રિયલ ટાઈમ નજર રાખી શકશે. નકલી GST ઇન્વોઇસેસની શક્યતાઓ માં ઘટાડો થશે તથા ઇનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો વધુ પારદર્શી રીતે કરી શકાશે. ઇનપુટ ક્રેડિટને આઉટપુટ ટેક્સ વિગતો સાથે મેચ કરવું આ ઇ ઇન્વોઇસ પદ્ધતિના કારણે ખૂબ સરળ બનશે. બોગસ ટેક્સ ક્રેડિટના અનેક કૌભાંડો બહાર આવી રહ્યા છે. આ ઇ ઇન્વોઇસ પદ્ધતિથી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ વધુ સિમલેસ તથા પારદર્શી બનશે.

**ટેકનોલોજિ ક્ષેત્રે થવું પડશે વેપારીઓએ અપગ્રેડઃ**

ઇ ઇન્વોઇસના ફાયદા એક પ્રમાણિક વેપારીઓ માટે ઘણા છે. પરંતુ આ વેપારીઓએ હવે ટેક્નોલોજી ક્ષેત્રે વધુ અપડેટ વધુ સચોટ બનવું પડશે. ઇ ઇન્વોઇસની આ પદ્ધતિ લાંબાગાળે ચોક્કસ ફાયદાકારક રહેશે. શક્ય છે કે શરૂઆતના તબક્કામાં વેપારીઓ માટે આ પદ્ધતિ થોડી અઘરી તથા મોંઘી બની શકે છે.

**(આ લેખ જાણીતા દૈનિક અખબાર ફૂલછાબમાં તા. ૨૮.૦૨.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા રિફ્રેશર કોર્સનું અમદાવાદ ખાતે આયોજન

તા. ૦૩.૦૩.૨૦૨૨: ગુજરાતના જી.એસ.ટી પ્રોફેશનલ્સના સૌથી મોટા એસોસીએશન માંના એક તેવા ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા જી.એસ.ટી. ઉપર રિફરેશર કોર્સનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ રિફ્રેશર કોર્સમાં રાજકોટના જાણીતા એડવોકેટ અપૂર્વ મહેતા દ્વારા જી.એસ.ટી. હેઠળ વિવિધ નોટિસ, આકારણી, ડિમાન્ડ, વસૂલાત અંગેની જોગવાઈ અંગે સભ્યોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેન્દ્રિય બજેટ ૨૦૨૨ માં કરવામાં આવેલ જી.એસ.ટી. હેઠળના પ્રસ્તાવિત ફેરફારોની માહિતી




**એડવોકેટ અપૂર્વ મહેતા તથા એડવોકેટ સમીર સિદ્ધપુરીયા દ્વારા જી.એસ.ટી. હેઠળના મહત્વના મુદ્દાઓ ઉપર આપવામાં આવ્યું માર્ગદર્શન**

અમદાવાદના જાણીતા એડવોકેટ સમીર સિદ્ધપુરીયા દ્વારા ઉપસ્થિત સભ્યોને આપવામાં આવી હતી. આ રિફરેશર કોર્સનું આયોજન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ બિલ્ડીંગ ખાતે કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ વિનોદ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કોરોના મહામારીના કારણે ઘણા સમય બાદ આ પ્રકારના ઓફલાઇન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારના ઓફલાઇન સેમિનાર દ્વારા જી.એસ.ટી. ની વિવિધ જોગવાઈઓને સભ્યો વધુ સારી રીતે સમજી શકશે તેવી આશા તેઓએ વ્યક્ત કરી હતી. સંસ્થાના રિફ્રેશર કોર્સ કમિટીના કન્વેનર એડવોકેટ ભાવિન વકીલ તથા તેમની ટિમ દ્વારા રિફ્રેશર કોર્સનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના માનદ્દ મંત્રી શૈલેષ મકવાણા દ્વારા સ્પીકરો, ચેમ્બર ઓફ કોમર્સ તથા સૌ ડેલિગેટનો આભાર માનવમાં આવ્યો હતો.

**ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે**

◆ Year: 6, ◆ Issue No.5, ◆ Continue Issue No.65, ◆ Date: 19/03/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.